# કુર્આન અને પયગંબર

લે. સૈયદ અબુલઆ'લા મૌદૂદી

• અનુવાદ •
મુહમ્મદ જમાલ પટીવાલા

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

(શરૂ અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.)

# પ્રસ્તાવના

આ પુસ્તક 'કુર્આન અને પયગંબર' જે તમારા હાથમાં છે, નવીન સંસ્કરણ છે. આ પુસ્તકની ઉપયોગિતા અને મહત્ત્વને નજર સામે રાખીને તેમાં ઘણાં મૂળભૂત સુધારાઓ કરવામાં આવ્યા છે. મુખ્યતઃ સંસ્કૃત ગ્રંથોના સંદર્ભો અને તેના અનુવાદોને સુધારવામાં આવ્યા છે. લેખકના તે નિવેદનો અને સંદર્ભોના મૂળ સ્રોત પણ સંદર્ભ-ગ્રંથોથી શોધીને આપવામાં આવ્યા છે, જેમને લેખક કોઈપણ સંદર્ભ-સ્રોત આપ્યા વિના પોતાની વાત કહેતા ગયા. આજની આવશ્યકતાનુસાર તેના સંદર્ભો પ્રસ્તુત સંસ્કરણમાં આપવામાં આવ્યા છે. આ દૃષ્ટિએ હવે આ પુસ્તક વધારે ઉપયોગી બની રહેશે.

આ પુસ્તક મૂળ ઉર્દૂ પુસ્તક 'કુર્આન ઔર પયગંબર' (સં.ફેબ્રુઆરી-૨૦૦૯)ને સામે રાખીને પુનઃ અનુવાદ કરવામાં આવેલ છે, જેમાં ક્યાંક-ક્યાંક તેના હિન્દી અનુવાદથી પણ મદદ લેવામાં આવી છે.

અત્રે નોંધનીય છે કે આ પુસ્તકના પ્રકાશન અને લેખક દ્વારા લખવાનો ઉદ્દેશ્ય એ સિવાય બીજો કંઈ નથી કે લોકોને સત્યથી વાકેફ કરાવવામાં આવે. મહાપુરુષો અને પયગંબરો વિશે મનુષ્યેતર હસ્તી કે ઈશ્વરનો અવતાર કે તેમના સ્વયં ઈશ્વર હોવાનો જે દૃષ્ટિકોણ લોકો અપનાવતા રહ્યા છે, તે દૃષ્ટિકોણમાં પરિવર્તન આવે અને તેઓ સત્યના જિજ્ઞાસુ બને.

પુસ્તકની શુદ્ધતા અંગે અમારા પૂર્ણ પ્રયાસ હોવા છતાં, જો કોઈ ત્રુટિ વાચકોને મળે તો તેઓ અમને માહિતગાર કરશે તેવી અપેક્ષા છે, જેથી આગામી સંસ્કરણમાં તેને સુધારી શકાય.

**— ઈસ્લામી સાહિત્ય પ્રકાશન-ગુજરાત**

# કુર્આન અને પયગંબર

## કુર્આન પોતાને લઈને આવનારને કયા રૂપમાં પ્રસ્તુત કરે છે ?

જગતમાં માનવીના માર્ગદર્શન અને પથ-પ્રદર્શન માટે હંમેશાં એવા પૂણ્યાત્માઓ લોકો જન્મ લેતા રહ્યા છે, જેમણે પોતાની વાણી અને આચરણ દ્વારા માનવીને સત્ય અને સચ્ચાઈનો સીધો રસ્તો બતાવ્યો છે. પરંતુ તેમના આ ઉપકારનો બદલો માનવી મોટાભાગે અત્યાચારના સ્વરૂપે જ આપતો રહ્યો છે. તેમના ઉપર અત્યાચાર કેવળ તેમના વિરોધીઓએ જ નથી કર્યો, બલ્કે તેમને માનનારાઓએ પણ કર્યો. એક બાજુ જ્યાં વિરોધીઓએ તેમની શિક્ષાઓ પ્રત્યે ઉપેક્ષા દાખવી, તેમની સચ્ચાઈનો ઇન્કાર કર્યો, તેમના સંદેશને ઠુકરાવી દીધો અને તેમને તકલીફો આપીને સન્માર્ગથી હટાવવાનો પ્રયત્ન કર્યો; ત્યાં બીજી બાજુ તેમને માનનારાઓએ પણ તેમના પછી તેમની શિક્ષાઓને વિકૃત કરી નાખી, તેમના આદેશોને બદલી નાખ્યા, તેમણે લાવેલ ગ્રંથોમાં ફેરફારો કર્યા અને સ્વયં તેમના વ્યક્તિત્વને પોતાની વિલક્ષણપ્રિયતાનું રમકડું બનાવીને ઈશ્વરત્વ અને ખુદાઈનું રૂપ આપી દીધું. પ્રથમ પ્રકારનો અત્યાચાર તો તે પૂણ્યાત્મા લોકોના જીવન સુધી જ કે તેમના પછી વધુમાં વધુ અમુક વર્ષો સુધી જ સીમિત રહ્યો; પરંતુ બીજા પ્રકારનો અત્યાચાર તેમના પછી સદીઓ સુધી થતો રહ્યો અને ઘણાં મહાપુરુષો ઉપર આજ પર્યંત થઈ રહ્યો છે.

દુનિયામાં આજ સુધી સત્યના જેટલા ઈશદૂતો આવ્યા છે, તે સૌએ પોતાનું જીવન તે જૂઠા ઈશ્વરોના ઈશ્વરત્વને સમાપ્ત કરવામાં લગાવી દીધું, જેમને માનવીએ એક ઈશ્વરને છોડીને પોતાના ઈશ્વર બનાવી લીધા હતા. પરંતુ હંમેશા એવું બનતું આવ્યું છે કે તેમના પછી તેમના અનુયાયીઓએ પોતાની અજ્ઞાનતાપૂર્ણ શ્રદ્ધાને કારણે સ્વયં તેમને જ ઈશ્વર અથવા ઈશ્વરત્વમાં ઈશ્વરના ભાગીદાર બનાવી દીધા અને તેમને પણ એ જ ઉપાસ્યોમાં સામેલ કરી લેવામાં આવ્યા, જેમના ખંડન અને વિરોધ માટે તેમણે પોતાનું સમગ્ર જીવન ખપાવી દીધું હતું.

વાસ્તવમાં મનુષ્ય સ્વયં પોતાની જાત અંગે કંઈક એટલી હદે ખોટી ધારણા રાખે છે કે તેને માનવતાના પૂણ્ય આચરણ અને પવિત્ર સ્વભાવની સંભાવના પર ખૂબ

ઓછો વિશ્વાસ છે. તે પોતાની જાતને માત્ર કમજોરીઓ અને નીચતાનો સંગ્રહ જ માને છે. તેનું હૃદય એ મહાન હકીકતની જાણકારી અને વિશ્વાસથી મોટાભાગે ખાલી રહે છે કે તેની માટીની કાયાને સર્વશક્તિમાન ઈશ્વરે એવી શક્તિઓ પ્રદાન કરી છે કે તે તેને માનવ હોવા અને માનવીય ગુણો ધરાવતા હોવા છતાં પણ સ્વર્ગલોકમાંના ફરિશ્તાઓથી પણ ઉચ્ચ દરજ્જા સુધી પહોંચાડી શકે છે. આ જ કારણ છે કે જ્યારે પણ આ જગતમાં કોઈ મનુષ્યએ પોતાને ઈશ્વરના પ્રતિનિધિના રૂપમાં પ્રસ્તુત કર્યો તો તેને બીજા માણસોએ સૌપ્રથમ તો એ જોઈને કે આ તો આપણી જેમ જ શરીર ધરાવનાર માનવી છે, તેને ઈશ્વર સુધી પહોંચ રાખવાવાળો માનવાથી જ ઇન્કાર કરી દીધો; અને જ્યારે છેવટે તેના વ્યક્તિત્વમાં અસાધારણ ગુણો જોઈને શ્રદ્ધાપૂર્વક નજર નાખી તો પછી કહ્યું કે જે વ્યક્તિ આવા અસાધારણ ગુણો ધરાવતો હોય, તે કદાપી મનુષ્ય નથી હોઈ શકતો. પછી કોઈ સમૂહે તેને ભગવાન બનાવ્યો, કોઈએ અવતારનો સિદ્ધાંત ઘડીને વિશ્વાસ કરી લીધો કે ઈશ્વરે તેના રૂપમાં જન્મ લીધો છે, કોઈએ તેનામાં દૈવીગુણો અને ઈશ્વરીય અધિકારોનો ભ્રમ પાળ્યો અને કોઈએ સમજી લીધું કે તે ખુદાનો પુત્ર છે. જ્યારે કે કુર્આન અનુસાર ઈશ્વર આ તમામ અવગુણોથી પવિત્ર અને ઉચ્ચ છે - سُبْحٰنَهٗ وَتَعٰلٰى عَمَّا يَصِفُوْنَ (જો કે તે પવિત્ર અને ઉચ્ચતર છે એ વાતોથી જે આ લોકો કહે છે. - કુર્આન, ૬:૧૦૦)

દુનિયાના કોઈપણ ધર્મગુરુનું જીવન જોઈ લો. તમે જોશો કે તેના ઉપર સૌથી વધુ અત્યાચાર સ્વયં તેમને માનનારાઓએ જ કર્યો છે. તેમણે તેમના ઉપર પોતાની કલ્પનાઓ અને અંધશ્રદ્ધાઓના એટલા આવરણો ચઢાવી દીધાં કે તેમના રંગ-રૂપ જોવા તદ્દન અશક્ય બની ગયું છે. માત્ર એટલું જ નહીં કે તેમણે બદલી નાખેલા ગ્રંથોથી એ જાણવું મુશ્કેલ થઈ ગયું છે કે તેમની મૂળ શિક્ષા શું હતી, બલ્કે આપણે તેમનાથી એ પણ જાણી શકતા નથી કે વાસ્તવમાં તેઓ પોતે શું હતા ? તેમના જન્મમાં અજાયબી, તેમના બાળપણમાં અસ્વાભાવિકતા, તેમની યુવાની અને વૃદ્ધાવસ્થામાં પણ વિચિત્રતા અને તેમના જીવનની દરેકે-દરેક વાતમાં ચમત્કાર અને તેમના મૃત્યુ સુદ્ધામાં પણ અનોખાપણું; ટૂંકમાં, આરંભથી લઈને અંત સુધી એક વાર્તા જ વાર્તા દેખાય છે અને તેને એવા સ્વરૂપમાં પ્રસ્તુત કરવામાં આવે છે કે કાં તો તેઓ પોતે જ ઈશ્વર હતા અથવા ઈશ્વરના પુત્ર કે ઈશ્વર સ્વયં તેમનામાં સમાઈ ગયો હતો કે પછી ઓછામાં ઓછું ઈશ્વરત્વમાં કોઈને કોઈ હદ સુધી તેઓ ભાગીદાર હતા.

જેમ કે ગૌતમ બુદ્ધને જુઓ. બૌદ્ધમતના ઊંડા અધ્યયન પછી માત્ર એટલું જ અનુમાન કરી શકાય છે કે તે દઢ સંકલ્પ માનવીએ બ્રાહ્મણવાદની ઘણીખરી ક્ષતિઓની સુધારણા કરી હતી અને વિશેષ રૂપે એ અનેક સત્તાઓની ખુદાઈનું ખંડન કર્યું હતું, જેમને તે કાળના લોકોએ પોતાના ઉપાસ્યો બનાવી લીધા હતા. પરંતુ તેમનાં મૃત્યુ પછી એક

સદી પણ વિતી નહોતી કે વૈશાલીની સભામાં તેમના અનુયાયીઓએ તેમના બધા શિક્ષણને બદલી નાખ્યું. મૂળ સૂત્રોની જગ્યાએ નવા સૂત્રો બનાવી નાખ્યાં અને આધારભૂત સિદ્ધાંતો અને તેના ઉપર નિર્ધારિત વ્યવસ્થાઓમાં પોતાની ઇચ્છાઓ અને વિચારો અનુસાર મનમાની કરી. એક તરફ તેમણે બુદ્ધને નામે પોતાના મતના એવા વિશ્વાસો નિયત કર્યા, જેમાં ઈશ્વરનું ક્યાંય પણ કોઈ અસ્તિત્વ જ નહોતું અને બીજી તરફ બુદ્ધને સર્વજ્ઞાની અને જગતનો આધાર તથા એક એવું અસ્તિત્વ માની લીધું જે દરેક યુગમાં સંસારની સુધારણા માટે બુદ્ધ બનીને આવતો રહે છે. તેમના જન્મ, જીવન તથા ગત જન્મ અને આવનાર જન્મોના સંબંધે એવી-એવી અદ્ભુત કહાણીઓ ઘડી કાઢી, જેને વાંચીને પ્રોફેસર વિલ્સન જેવા સંશોધક પણ ચકિત થઈને બોલી ઉઠે છે કે ઇતિહાસમાં વસ્તુતઃ બુદ્ધનું કોઈ અસ્તિત્વ જ નથી. ત્રણ ચાર સદીઓમાં આ કહાણીઓએ બુદ્ધમાં ઈશ્વરત્વનો રંગ ભરી દીધો અને કનિષ્કના જમાનામાં બૌદ્ધ મતના પંડિતો અને નેતાઓના એક મોટા અધિવેશને (જે કશ્મીરમાં યોજાયું હતું) નિર્ણય કરી લીધો કે બુદ્ધ વાસ્તવમાં ઈશ્વરનું ભૌતિક રૂપ હતા અથવા બીજા શબ્દોમાં કહીએ તો ઈશ્વર તેમના રૂપમાં પ્રગટ થયો હતો.

આવો જ વ્યવહાર રામચંદ્રજી સાથે થયો. વૈદિક સાહિત્ય[1] અને સ્વયં રામાયણ[2]ના અધ્યયનથી સ્પષ્ટ જાણકારી મળે છે કે રામચંદ્રજી કેવળ મનુષ્ય હતા. તેઓ પ્રમાણિકતા, સદાચાર, ન્યાય, વીરતા, ઉદારતા, સદ્‌વ્યવહાર, દયા અને ત્યાગમાં પરાકાષ્ઠાએ જરૂર પહોંચ્યા હતા, પરંતુ ઈશ્વરત્વ એમનામાં જરા પણ નહોતું. છતાં મનુષ્યત્વ અને આ શ્રેષ્ઠ ગુણોનું એકત્ર થવું એક એવી સમસ્યા બની ગઈ કે ભારતવાસીઓ તેને ઉકેલી ન શક્યા. તેથી રામચંદ્રજીનાં અવસાનના ઘણાં દિવસો પછી એ ધારણા બનાવી લેવામાં આવી કે તેઓ વિષ્ણુજી[3]ના અવતાર હતા; અને તેઓ એ લોકોમાંથી એક હતા, જેમના

૧. જુઓ : ઋગ્વેદ ૧૦ / ૯૩ / ૧૪, એતેરેય બ્રા. ૭ / ૨૭-૩૪, શતપથ ૪ / ૧૬ / ૧ / ૭, જૈ. ઉપ. બ્રા. ૩ / ૭ / ૩ / ૨, ૪ / ૯ / ૧ / ૧.

૨. જુઓ : યુદ્ધ કાણ્ડ સર્ગ ૧૩૦, અર. કાં. સર્ગ ૬૩, ૬૪, ૬૬, ઉ. કાં. સર્ગ ૧૧૮ અયો. કાં. સર્ગ ૧૦૭, વગેરેની ઘટનાઓ.

૩. વિષ્ણુ હિંદુઓની વર્તમાન ધારણાઓ અનુસાર પાલનહાર ઈશ્વર કે દેવતાનું નામ છે. સંભવતઃ વાસ્તવમાં આ ઈશ્વરની પાલનહારી અને પ્રભુતા (રુબુબિયત)ના ગુણની કલ્પના હતી, જે પાછળથી સ્થાયી રૂપે માની લેવામાં આવી. હિંદુઓમાં દેવતાઓની પૂજા-અર્ચનાની શરૂઆત આ જ રીતે થઈ છે કે ઈશ્વરના ગુણોમાંથી પ્રત્યેક ગુણને તેમણે ઈશ્વરથી અલગ કરીને સ્વતઃ તેને એક ઈશ્વર ઠરાવી લીધો.

"વૈદિક સાહિત્ય અનુસાર આ એ ઈશ્વરનું નામ છે જે દયાળુ, સંકટમોચન છે (ઋ. ૬ / ૪૯ / ૧૩). તેમનું મુખ્ય કાર્ય સંયોજન, ધારણ, કેન્દ્રીકરણ અને સંરક્ષણ છે. 'વિષ્ણુ' શબ્દ વાસ્તવમાં પરમ્ સત્તા પરમેશ્વરના અનેક ગુણવાચક નામોમાંથી એક નામ છે. આ શબ્દની વ્યુત્પત્તિ 'વિષ્લૃ' ધાતુથી થઈ છે, જેનો અર્થ છે, 'સર્વત્ર ફેલાવું', વ્યાપક હોવું'. મહાભારત (૫ / ૭૦ / ૧૩) અનુસાર વિષ્ણુ એ પ્રભુનું નામ છે, જે સર્વત્ર વ્યાપ્ત છે અને સમગ્ર સૃષ્ટિનો સ્વામી છે. ઋ. ૧.૧૫૬.૨ માં નિત્ય, જગતકર્તા, નવીનતમ તથા સ્વયં ઉત્પન્ન પ્રભુના પર્યાય 'વિષ્ણુ' રૂપમાં કરવામાં આવેલ છે. " — પુસ્તકના હિન્દી અનુવાદમાંથી ઉદ્ધૃત

રૂપમાં વિષ્ણુજી સંસારની સુધારણા માટે વિભિન્ન યુગોમાં જન્મ લેતા રહે છે.

શ્રી કૃષ્ણજી ઉપર આ સંબંધે આ બંને કરતાં વધુ અત્યાચાર કરવામાં આવ્યો. 'ભગવદ્ ગીતા' પરિવર્તનનાં કેટલાય તબક્કાઓ પસાર કર્યા પછી જે સ્વરૂપે આપણા સુધી પહોંચી છે, તેના ઊંડા અધ્યયનથી ઓછામાં ઓછી એટલી જાણકારી મળે છે કે કૃષ્ણજી એકેશ્વરવાદી વ્યક્તિ હતા અને તેમણે ઈશ્વરની સત્તા વિશે તેના સર્વશક્તિમાન હોવાનો ઉપદેશ આપ્યો હતો. પરંતુ મહાભારત, વિષ્ણુપુરાણ, ભાગવતપુરાણ વગેરે પુસ્તકો અને સ્વયં ગીતા તેમને એ રૂપમાં પ્રસ્તુત કરે છે કે એક બાજુ તેઓ વિષ્ણુના સાક્ષાત્ અવતાર, સૃષ્ટિના રચયિતા અને બ્રહ્માંડના નિયામક લાગે છે અને બીજી બાજુ એવી વાતો તેમના સાથે જોડી દેવામાં આવે છે કે તેમને ભગવાન તો ભગવાન, સદાચારી મનુષ્ય માનવું પણ મુશ્કેલ થઈ જાય છે. શ્રીમદ્ભગવદ્ગીતા[1]માં કૃષ્ણજીના આ કથનો આપણને જોવા મળે છે :-

पिताहमस्य जगतो माता धाता पितामहः ।
वेद्यं पवित्रमोंकार ऋक्साम यजुरेव च ॥
गतिर्भर्ता प्रभुः साक्षी निवास शरणं सुहृत् ।
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् ॥
तपाम्यहमहं वर्षं निगृह्वाम्युत्सृजामि च ।
अमृतं चैव मृत्युश्च सदसच्चाहमर्जुन ॥

(શ્રીમદ્ભગવદ્ગીતા, ૯ / ૧૭-૧૯)

હું જ આ સંપૂર્ણ જગતનો ધારક અર્થાત્ ધારણ-પોષણ કરવાવાળો અને કર્મોનું ફળ આપવાવાળો તથા પિતા, માતા અને પિતામહ છું અને જાણવા-યોગ્ય અને પવિત્ર ઓંકાર[2] તથા ઋગ્વેદ, સામદેવ અને યજુર્વેદ પણ હું જ છું. હે અર્જુન ! પ્રાપ્ત કરવા યોગ્ય અને ભરણ-પોષણ કરવાવાળો સૌનો સ્વામી, શુભ-અશુભ જોવાવાળો, સૌનું નિવાસ-સ્થાન અને શરણ લેવા યોગ્ય તથા પ્રતિ-ઉપકારની ઇચ્છા ન રાખીને હિત કરવાવાળો અને ઉત્પત્તિ, પ્રલયરૂપ તથા સૌનો આધાર-આશ્રય સ્થાન અને અવિનાશી કારણ પણ હું જ છું. હું જ સૂર્યરૂપ થઈને તપું છું તથા વર્ષાને આકર્ષિત કરું છું અને વરસાવું છું અને હે અર્જુન ! હું જ અમૃત અને મૃત્યુ તથા સત્ય અને અસત્ય પણ બધું હું જ છું."

૧. શ્રીમદ્ભગવદ્ગીતાના તમામ સંદર્ભો - શ્લોકો અને અનુવાદ 'શ્રીમદ્ભગવદ્ગીતા (હિન્દી-સમજુતી સહિત)', પ્ર. ગીતા પ્રેસ, ગોરખપુર, ૧૯મું સંસ્કરણ, સંવત ૨૦૫૮થી લેવામાં આવેલ છે. (પુસ્તકના હિન્દી અનુવાદમાંથી)
૨. ઓંકાર - એકમાત્ર મનોરથો પૂરાં કરનાર

न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः ।
अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः ॥२॥
यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम् ।
असम्मूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते ॥३॥

"મારી ઉત્પત્તિને સમગ્ર દેવતાગણ અને મહર્ષિઓ (પણ) નથી જાણતા, કારણ કે હું બધી રીતે દેવતાઓનું અને મહર્ષિઓનું (પણ) આદિ કારણ છું. જે મને અજન્મ્યો, અનાદિ અને તમામ લોકોના મહાન ઈશ્વર તત્ત્વથી જાણે છે, તે મનુષ્યોમાં જ્ઞાની પુરુષ સંપૂર્ણ પાપોથી મુક્ત થઈ જાય છે."

આ જ અધ્યાયમાં કહેવામાં આવ્યું છે :

अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः ।
अहमादिश्च मध्यं च चूतानामन्त एव च ॥२०॥
आदित्यानामहं विष्णुर्ज्योतिषां रविरंशुमान् ।
मरीचिर्मरुतामस्मि नक्षत्राणामहं शशी ॥२१॥

અર્થાત્ "હે અર્જુન ! હું સર્વ પ્રાણીઓના હૃદયમાં સ્થિત છું તથા સર્વ પ્રાણીઓનો આદિ, મધ્ય અને અંત પણ હું જ છું. હું આદિત્યના બાર પુત્રોમાં વિષ્ણુ[1] (અને) જ્યોતિઓમાં કિરણોવાળો સૂર્ય છું (તથા) હું ઓગણપચાસ વાયુ દેવતાઓનું તેજ (અને) નક્ષત્રોનો અધિપતિ ચંદ્રમા છું."

આ જ અધ્યાયમાં આગળ કહેવામાં આવ્યું છે :

न तदस्ति विना यत्स्यान्मया भुतं चराचरम् ॥ (ગીતા, ૧૦/૩૯)

"તે ચલ અને અચલ (કોઈ પણ) પ્રાણી નથી, જે મારા વિનાનું હોય."

विष्टभ्याहमिदं, कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥४२॥

"હું આ સંપૂર્ણ જગતને પોતાની યોગમાયા (સૃષ્ટિની ઉત્પત્તિ કરનાર ઈશ્વરની શક્તિ)ના એક અંશ માત્રથી ધારણ કરીને સ્થિત છું, તેથી મને જ તત્ત્વથી જાણવું જોઈએ."

૧. હિંદુઓના તમામ દેવતાઓમાંથી ૧૨ દેવતાઓ સૌથી મોટા છે, જેમને આદિત્ય કહે છે અને વિષ્ણુ તેમાંથી સૌથી મોટા દેવતા છે. આ ૧૨ આદિત્ય હિંદુઓની ધારણાનુસાર અદીતીના પુત્રો હતા.

અધ્યાય ૧૧ માં કહેવામાં આવ્યું છે :

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव ॥५५॥

અર્થાત્ "હે અર્જુન ! જે પુરુષ કેવળ મારા જ માટે સંપૂર્ણ કર્તવ્ય-કર્મો કરનાર છે, મારો એકાગ્ર છે, મારો ભક્ત છે, આસક્તિરહિત છે (અને) સંપૂર્ણ ભૂતપ્રાણીઓમાં વેરભાવના રહિત છે, તે (અનન્ય ભક્તિયુક્ત પુરુષ) મને (જ) પ્રાપ્ત થાય છે."

અધ્યાય ૪ માં વર્ણન છે :

अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन् ।
प्रकृतिं स्वामधिष्ठाय सम्भवाम्यात्ममायया ॥६॥
यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥७॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे-युगे ॥८॥

અર્થાત્ "હું અજન્મ્યો (અને) અવિનાશીસ્વરૂપ હોવા છતાં પણ (તથા) સમસ્ત પ્રાણીઓનો ઈશ્વર હોવા છતાં પણ પોતાની પ્રકૃતિને આધીન કરીને પોતાની યોગમાયાથી પ્રગટ થાઉં છું. હે ભારત ! જ્યારે-જ્યારે ધર્મની હાનિ (અને) અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે-ત્યારે જ હું મારા રૂપને રચું છું. સાધુ પુરુષોનો ઉદ્ધાર કરવા માટે, પાપ-કર્મ કરનારાઓનો વિનાશ કરવા માટે અને ધર્મની સારી રીતે સ્થાપના કરવા માટે (હું) યુગે-યુગે પ્રગટ થયા કરું છું."

આ શ્લોકોમાં સ્પષ્ટ રૂપે ગીતાના શ્રી કૃષ્ણએ સ્વયંના ઈશ્વર હોવાનો દાવો કર્યો છે.[1] બીજી બાજુ ભાગવત પુરાણ આ જ કૃષ્ણજીને એ રૂપમાં પ્રસ્તુત કરે છે કે તેઓ સ્નાન કરતી ગોપીઓનાં વસ્ત્રો છુપાવી લે છે.[2] જ્યારે શુકદેવ ઋષિને રાજા પરીક્ષિત પૂછે છે કે, "ભગવાન તો અવતાર એટલા માટે લે છે કે સત્ય ધર્મ ફેલાવે. પછી આ કેવો ભગવાન છે કે ધર્મના તમામ સિદ્ધાંતોથી વિરુદ્ધ પરાયી સ્ત્રીઓ સાથે અવૈધ સંબંધો રાખે

૧. જો ગીતા સ્વયં એ વાતનું દાવેદાર હોત કે તે ઈશ્વરનો ગ્રંથ છે અને કૃષ્ણજી તેને પ્રસ્તુત કરનાર ઈશદૂત છે, તો ઉપરોક્ત કથનો મહદ્અંશે ઈશ્વરના માની શકાતા હતા અને કૃષ્ણજી માટે ઈશ્વર હોવાનો દાવો ન રહેતો. પરંતુ મુશ્કેલી એ છે કે આ પુસ્તક સ્વયં પોતાને કૃષ્ણજીના ઉપદેશની હેસિયતે રજૂ કરે છે. આખી ગીતામાં ક્યાંય કોઈ સંકેત સુદ્ધા પણ એ વાતની તરફ નથી કે તે ઈશવાણી છે.

૨. પૂર્વાર્ધ ૧૦/૨૨/૯ (હિન્દી અનુવાદમાંથી)

છે?" તો ઋષિને આ મુશ્કેલી દૂર કરવા માટે આ બહાનાની આડમાં શરણ લેવું પડે છે કે, "સ્વયં દેવતાઓ પણ ક્યારેક સન્માર્ગથી ચલિત થઈ જાય છે. પરંતુ તેમના પાપ તેમના વ્યક્તિત્વ ઉપર એ રીતે અસર નથી કરતા જે રીતે આગ તમામ વસ્તુઓને બાળી નાખવા છતાં ગુનેગાર નથી હોઈ શકતી."[૨]

કોઈ ગંભીર અને બુદ્ધિમાન વ્યક્તિ એ વિશ્વાસ નથી કરી શકતો કે કોઈ ઉચ્ચ કોટિનાં ધર્માત્માનું જીવન આવું હોઈ શકે છે અને ન તો તે એ વિચારી પણ શકે છે કે કોઈ સાચા ધર્મ-પ્રવર્તકે વાસ્તવમાં પોતાને મનુષ્યોના અને સૃષ્ટિના પ્રભુ-પાલનહાર રૂપમાં પ્રસ્તુત કર્યો હશે. કુર્આન અને બાઈબલના તુલનાત્મક અધ્યયનથી એ સચ્ચાઈ ખુલીને આપણા સામે આવી જાય છે કે લોકોએ પોતાની માનસિક અધોગતિ અને નૈતિક પતનના યુગમાં કેવી રીતે દુનિયાની પવિત્ર અને શ્રેષ્ઠ વ્યક્તિઓના જીવન-ચરિત્રોને એક તરફ ગંદા સ્વરૂપમાં ઢાળી દીધા છે, જેથી સ્વયં પોતાની કમજોરીઓ અને બૂરાઈઓને સાચા ઠરાવવાની દલીલ રજૂ કરી શકે અને બીજી તરફ આ મહાન પુરુષો વિશે ભિન્ન-ભિન્ન પ્રકારની ભ્રામક વાતો ફેલાવવા અને સંદેહો ઉત્પન્ન કરનાર કિસ્સા-કહાણીઓ ઉપજાવી લીધી. તેથી એવું લાગે છે કે આવું જ બધું કૃષ્ણજીની સાથે પણ થયું હશે અને તેમની મૂળ શિક્ષા અને વાસ્તવિક વ્યક્તિત્વ એનાથી બિલકુલ જુદું હશે, જેવું હિંદુઓના ધાર્મિક પુસ્તકો તેમને પ્રસ્તુત કરે છે.

જે મહાપુરુષોનું ઈશદૂત હોવું જ્ઞાત અને સાબિત છે, તેમાંથી સૌથી વધારે અત્યાચાર હઝરત ઈસા (અલૈ.) પર કરવામાં આવ્યો છે. હઝરત ઈસા (અલૈ.) જ એક એવા મનુષ્ય હતા, જેમ કે બીજા મનુષ્યો હોય છે. મનુષ્યત્વની તમામ વિશેષતાઓ તેમનામાં પણ એવી જ હતી, જે રીતે મનુષ્યોમાં મોજૂદ હોય છે. ફરક કેવળ એટલો હતો કે સર્વશક્તિમાન ઈશ્વરે તેમને પોતાના પયગંબર (સંદેશવાહક) બનાવ્યા હતા; તેમને જ્ઞાન, વિવેક અને બુદ્ધિ પ્રદાન કર્યા હતા. તેમને ચમત્કારની શક્તિ આપીને એક દૂષિત જાતિની સુધારણા માટે નિયુક્ત કર્યા હતા. પરંતુ એક તો તેમની જાતિએ તેમને જૂઠા ઠેરવ્યા અને પૂરાં ત્રણ વર્ષ પણ તેમના પુનિત અસ્તિત્વને સહન ન કરી શકી, એટલે સુધી કે બરાબર યુવાનીમાં જ તેમની હત્યા કરવાનો પણ નિર્ણય કરી લીધો. પછી જ્યારે તેણે તેમના પછી તેમની મહિમા અને માન-પ્રતિષ્ઠાને માની લીધી તો એટલા આગળ વધી ગયા કે તેમને ઈશ્વરના પુત્ર જ નહિં, બલ્કે ઈશ્વર જ બનાવી લીધા અને એ ધારણા તેમનાથી જોડી લીધી કે ઈશ્વર મસીહના રૂપમાં એટલા માટે આવ્યો હતો કે જેથી શૂળી ઉપર ચઢીને મનુષ્યોના પાપોનું પ્રાયશ્ચિત કરે, કેમ કે તેમની કલ્પના મુજબ મનુષ્ય સ્વાભાવિક રૂપે ગુનેગાર હતો અને સ્વયં પોતાના આચરણથી પોતાની મુક્તિ કરી

૨. આ જ વાત અમુક ફેરફારની સાથે 'सुखसागर' ૧૦/૩૩ થી ૧૦/૩૪માં પણ છે. — હિન્દી અનુવાદમાંથી.

શકતો નહોતો. એક સાચો પયગંબર પોતાના પાલનહાર ઉપર આટલું મોટું જૂઠ અને લાંછન કેવી રીતે લગાવી શકતો હતો ? પરંતુ તેમને માનનારાઓએ શ્રદ્ધાના જોશમાં તેમના ઉપર આ જૂઠ અને લાંછન લગાવ્યું; અને તેમની શિક્ષાઓમાં પોતાની ઇચ્છા મુજબના એટલા ફેરફારો કરી નાખ્યા કે આજે (કુર્આન સિવાય) દુનિયાના કોઈ પણ ગ્રંથમાં હઝરત ઈસા (અલૈ.)નું સાચું શિક્ષણ અને સ્વયં તેમની હકીકતનું કોઈ ચિહ્ન મળતું નથી. ન્યૂ ટેસ્ટામેન્ટમાં જે પુસ્તકો ચાર બાઈબલોના નામથી જોવા મળે છે, તેમને ઉઠાવીને જોઈ લો, તમામ હઝરત ઈસા (અલૈ.)ને ઈશ્વરના અવતાર, ઈશ્વરના પુત્ર અથવા સ્વયં ઈશ્વર હોવાની ખોટી ધારણાઓથી ભરેલાં છે. ક્યાંક હઝરત મરયમ (અલૈ.)ને ખુશખબરી આપવામાં આવે છે કે તારો પુત્ર ઈશ્વરનો પુત્ર કહેવાશે. (લૂકા, ૧ :૩૫), ક્યાંક ઈશ્વરનો આત્મા કબૂતરની જેમ હઝરત ઈસા (અલૈ.) પર ઉતરીને આવે છે અને પોકારીને કહે છે કે આ મારો વ્હાલો પુત્ર છે. (મત્તી, ૧૬-૧૭), ક્યાંક હઝરત ઈસા (અલૈ.) સ્વયં કહે છે કે હું ઈશ્વરનો પુત્ર છું અને તમે મને સર્વશક્તિમાનની પાસે જમણી બાજુ બેસેલો જોશો. (માર્કસ ૧૪:૬૨), ક્યાંક પ્રલય પછી બદલો મળવાના દિવસે ઈશ્વરના સ્થાને મસીહને સિંહાસન પર બેસાડવામાં આવે છે અને તે કર્મો અનુસાર સજા કે ઇનામ વિશે નિર્ણય કરે છે. (મત્તી, ૨૫:૩૧-૪૬), ક્યાંક મસીહના મુખે કહેવડાવાય છે કે પિતા મારામાં છે અને હું પિતામાં છું. (યૂહન્ના, ૧૦:૩૮), ક્યાંક આ હંમેશા સાચું બોલવાવાળા વ્યક્તિના મોઢેથી એ ખોટા શબ્દો બોલાવડાવામાં આવે છે કે, 'હું ઈશ્વરમાંથી નીકળીને આવ્યો છું.' (યૂહન્ના ૮:૪૨), ક્યાંક તેને અને ઈશ્વરને બિલ્કુલ એક કરી દેવામાં આવે છે અને તેની સાથે એ વાત જોડી દેવામાં આવે છે કે, 'જેણે મને જોયો, તેણે પિતાને જોયો અને પિતા મારામાં રહીને પોતાના કાર્યો કરે છે.' (યૂહન્ના, ૧૪:૧૦૯), ક્યાંક ઈશ્વરની તમામ વસ્તુઓ મસીહને હસ્તાંતર કરી દેવામાં આવે છે (યૂહન્ના, ૩:૩૫) અને ઈશ્વર પોતાના ઈશ્વરત્વનું બધું કામ મસીહને સુપ્રત કરી દે છે. (યૂહન્ના, ૫:૨૦-૨૨)

આ વિભિન્ન જાતિઓએ પોતાનાં ધાર્મિક નેતાઓ અને માર્ગદર્શકો પર જે જૂઠ અને લાંછન લગાવ્યા છે, તેનું મૂળ કારણ તે એ જ વાતનું વતેસર કરીને પ્રસ્તુત કરવા અને અતિક્રમણનું વલણ છે, જેનો ઉલ્લેખ અમે આરંભમાં કર્યો છે. વળી આ ખરાબીને જે વસ્તુથી સૌથી વધારે પીઠબળ મળ્યું, તે એ હતી કે આ મહાપુરુષો અને વડવાઓ પછી સામાન્યતઃ તેમની શિક્ષાઓ અને સૂચનાઓને લખવામાં જ ન આવી. તેથી થોડોક સમય વિતી ગયા પછી તેમાં એટલી ભેળસેળ અને એટલું પરિવર્તન થઈ ગયું કે અસલી અને નકલીમાં ભેદ કરવો અસંભવ બની ગયું. આમ, કોઈ સ્પષ્ટ આદેશ ન હોવાનું પરિણામ એ આવ્યું કે જેમ-જેમ સમય વીતતો ગયો, હકીકત ઉપર અંધવિશ્વાસ છવાતો ગયો. થોડીક સદીઓમાં તમામ સચ્ચાઈઓ ગૂમ થઈ ગઈ, કેવળ કહાણીઓ જ શેષ રહી ગઈ.

સંસારનાં તમામ માર્ગદર્શકોમાંથી આ વિશેષતા કેવળ હઝરત મુહમ્મદ (સલ્લ.)ને જ પ્રાપ્ત છે કે આપનું શિક્ષણ અને આપનું વ્યક્તિત્વ ચૌદસો વર્ષોથી તદ્દન પોતાના વાસ્તવિક રૂપમાં સુરક્ષિત છે અને ઈશ્વરની કૃપાથી એવો પ્રબંધ થઈ ગયો છે કે હવે તેમાં ફેરફાર થવો બિલકુલ અસંભવ છે. માનવીની અંધશ્રદ્ધા અને તેની વિલક્ષણપ્રિયતાથી એ કંઈ દૂર પણ નહોતું કે તે આ મહાપુરુષને પણ, જે પરિપૂર્ણતાના સૌથી ઉચ્ચ દરજ્જા ઉપર પહોંચેલા હતા, ગપગોળા અને જૂઠની કહાણીઓ બનાવીને ઈશ્વરત્વથી કોઈને કોઈ રીતે જોડી દેતી અને તેમનું આજ્ઞાપાલન કરવાને બદલે કેવળ ચમત્કાર, પૂજા અને બંદગીનો વિષય બનાવી લેતી. પરંતુ ઈશ્વરને પોતાના પયગંબરોને મોકલવાના અંતિમ ચરણમાં એક એવો માર્ગદર્શક અને પથ-પ્રદર્શક મોકલવો હતો, જેનું વ્યક્તિત્વ સમગ્ર માનવ-જાત માટે શાશ્વત આદર્શ અને વિશ્વવ્યાપી માર્ગદર્શનનો સ્રોત હોય. તેથી તેણે અબ્દુલ્લાહના સુપુત્ર હઝરત મુહમ્મદ (સલ્લ.)ના અસ્તિત્વને એ અત્યાચારથી સુરક્ષિત રાખ્યું, જે અજ્ઞાની શ્રદ્ધાળુઓના હાથે અન્ય પયગંબરો અને માર્ગદર્શકોની ઉપર થતો રહ્યો. પ્રથમ વાત તો એ જ કે આપના સાથીઓ (સહાબા) અને તેમના પછીના અનુયાયીઓ (તાબેઈન) તથા તેમના પછીના 'મુહદ્દેસીન' (હદીસના વિદ્વાનો)એ અગાઉના સમુદાયોથી તદ્દન વિપરીત પોતાના નબી (સલ્લ.)ના જીવન-ચરિત્રને સુરક્ષિત રાખવાનો પોતે જ અસામાન્ય પ્રબંધ કર્યો, જેને કારણે આપણે પયગંબર (સલ્લ.)ના વ્યક્તિત્વને ચૌદસો વર્ષ વિતી ગયા હોવા છતાં પણ આજે લગભગ એટલા જ નિકટથી નિહાળી શકીએ છીએ, જેટલા નિકટથી સ્વયં આપ (સલ્લ.)ના સમયમાં લોકો નિહાળી શકતા હતા. જો પુસ્તકોનો એ આખો ભંડાર જગતમાંથી નષ્ટ થઈ જાય જે ઈસ્લામના વિદ્વાનોએ વર્ષોની કોશિશોથી એકત્ર કર્યો છે તથા હદીસ અને જીવન-ચરિત્રનું એક પૃષ્ઠ પણ સંસારમાં ન રહે જેનાથી હઝરત મુહમ્મદ (સલ્લ.)ના જીવન વિષે કંઈક હાલ જાણી શકાય તેમ છે, પરંતુ જો કેવળ અલ્લાહનો ગ્રંથ (પવિત્ર કુર્આન) જ બાકી રહી જાય, તો પણ આપણે આ ગ્રંથ (પવિત્ર કુર્આન)થી એ તમામ મૂળભૂત પ્રશ્નોનો જવાબ મેળવી શકીએ છીએ જે તેને લઈને આવનારના સંબંધે કોઈના મનમાં ઉત્પન્ન થઈ શકે છે.

**આવો, હવે આપણે જોઈએ કે કુર્આન પોતાને લઈને આવનારને કયા રૂપમાં પ્રસ્તુત કરે છે :**

(૧) પવિત્ર કુર્આને ઈશ્દૂતત્વ (રિસાલત) વિશે સૌપ્રથમ જે પ્રશ્નને ખૂબ જ સ્પષ્ટ રીતે ખોલી-ખોલીને વર્ણવ્યો છે, તે પયગંબરનું મનુષ્ય હોવું છે. કુર્આનનાં અવતરણ પહેલાં સદીઓથી ચાલી આવતી ધારણાઓએ એ એક વાત નિશ્ચિત બનાવી દીધી હતી કે મનુષ્ય કદી ઈશ્વરનો પયગંબર અને પ્રતિનિધિ નથી બની શકતો. દુનિયાની સુધારણા

માટે જ્યારે પણ આવશ્યકતા હોય છે, ત્યારે ઈશ્વર પોતે જ મનુષ્યના રૂપમાં પ્રગટ થાય છે અથવા કોઈ ફરિશતાને કે દેવતાને મોકલી આપે છે અને એ કે દુનિયામાં જેટલાં મહાપુરુષો સુધારણા માટે આવ્યા છે તે બધાંય મનુષ્યેતર હસ્તીઓ હતી. આ ધારણા મનુષ્યના અંદર એટલી ઊંડે ઉતરી ગઈ હતી કે જ્યારે પણ ઈશ્વરનો કોઈ નેક બંદો લોકોને ઈશ્વરનો કોઈ સંદેશ પહોંચાડવા આવતો, તો સૌપ્રથમ લોકો આશ્ચર્યથી પૂછતાં કે આ કેવો પયગંબર છે, જે અમારી જેમ ખાય-પીએ છે, ઊંઘે છે અને હરે-ફરે છે ? આ કેવો પયગંબર છે જેને અમારી જેમ તમામ આવશ્યકતાઓ પડે છે ? આ બીમાર થાય છે, સુખઃદુઃખ સહન કરે છે, ખુશી અને ગમથી પ્રભાવિત થાય છે ? જો ઈશ્વર અમારું માર્ગદર્શન કરવા ઇચ્છતો, તો તે અમારા જેવો એક કમજોર મનુષ્ય કેમ મોકલતો ? શું ઈશ્વર પોતે નહોતો આવી શકતો ? આ પ્રશ્નો દરેક પયગંબરના આગમન ઉપર ઉપસ્થિત થતા હતા અને આ જ વાતોની દલીલ આપીને આ લોકો પયગંબરોનો ઇન્કાર કરતા હતા. હઝરત નૂહ (અલૈ.) જ્યારે પોતાની જાતિની તરફ સંદેશ લઈને આવ્યા, તો કહેવામાં આવ્યું :

كَفَرُوا مِنْ قَوْمِهِ مَا هٰذَا إِلَّا بَشَرٌ مِّثْلُكُمْ يُرِيدُ أَنْ يَّتَفَضَّلَ عَلَيْكُمْ
وَلَوْ شَاءَ اللّٰهُ لَأَنْزَلَ مَلٰٓئِكَةً ۖ مَّا سَمِعْنَا بِهٰذَا فِيٓ اٰبَآئِنَا الْأَوَّلِينَ ۝

"આ વ્યક્તિ એ સિવાય કંઈ નથી કે તમારા જેવો જ એક મનુષ્ય છે, જે તમારા ઉપર શ્રેષ્ઠતા અને મોટાઈ મેળવવા ઇચ્છે છે; નહિં તો જો ઈશ્વર ઇચ્છતો તો ફરિશ્તાઓને ઉતારતો. આ અનોખી વાત તો અમે અમારા બાપ-દાદાઓથી કદી સાંભળી જ નહોતી (કે મનુષ્ય ઈશ્વરનો પયગંબર બનીને આવે)." (કુર્આન, ૨૩:૨૪)

હઝરત હૂદ (અલૈ.) પોતાની જાતિ તરફ માર્ગદર્શન માટે મોકલવામાં આવ્યા, તો તેમના ઉપર પણ સૌપ્રથમ આ જ વાંધો ઉઠાવવામાં આવ્યો :

فِي الْحَيٰوةِ الدُّنْيَا ۙ مَا هٰذَا إِلَّا بَشَرٌ مِّثْلُكُمْ ۙ يَأْكُلُ مِمَّا تَأْكُلُونَ مِنْهُ وَيَشْرَبُ
مِمَّا تَشْرَبُونَ ۝ وَلَئِنْ أَطَعْتُمْ بَشَرًا مِّثْلَكُمْ إِنَّكُمْ إِذًا لَّخٰسِرُونَ ۝

"આ વ્યક્તિ એ સિવાય કંઈ નથી કે એક મનુષ્ય છે, તમારા જ જેવો, એવું જ ખાય છે જે તમે ખાઓ છો, એવું જ પીએ છે જે તમે પીવો છો. જો તમે પોતાના જેવા જ એક મનુષ્યનું આજ્ઞાપાલન કર્યું તો મોટા નુકસાનમાં પડશો." (કુર્આન, ૨૩:૩૩-૩૪)

જ્યારે હઝરત મૂસા અને હારૂન (અલૈ.) ફિરઔનની પાસે સત્યનો સંદેશ લઈને પહોંચ્યા, તો તેમની વાત માનવાથી આ જ આધાર પર ઈન્કાર કરી દેવામાં આવ્યો :

اَنُؤْمِنُ لِبَشَرَيْنِ مِثْلِنَا

"શું અમે અમારા જેવા જ બે માનવીઓ પર ઈમાન લઈ આવીએ."
(કુર્આન, ૨૩:૪૭)

આ પ્રમાણે બરાબર આ જ પ્રશ્ન એ સમયે પણ ઉપસ્થિત થયો, જ્યારે મક્કાના એક નિરક્ષર વ્યક્તિએ ચાળીસ વર્ષ સુધી મૌન જીવન વિતાવ્યા પછી અચાનક એલાન કર્યું કે હું ઈશ્વર તરફથી પયગંબર બનાવવામાં આવ્યો છું. લોકોની સમજમાં એ વાત આવતી નહોતી કે એક વ્યક્તિ જે અમારી જેમ હાથ, પગ, આંખ, નાક, શરીર અને પ્રાણ રાખે છે તે કેવી રીતે પયગંબર હોઈ શકે છે? તેઓ આશ્ચર્યચકિત થઈને પૂછતા હતા કે :

وَقَالُوْا مَالِ هٰذَا الرَّسُوْلِ يَاْكُلُ الطَّعَامَ وَيَمْشِيْ فِي الْاَسْوَاقِ ۙ
لَوْلَآ اُنْزِلَ اِلَيْهِ مَلَكٌ فَيَكُوْنَ مَعَهٗ نَذِيْرًا ۙ اَوْ يُلْقٰٓى اِلَيْهِ
كَنْزٌ اَوْ تَكُوْنُ لَهٗ جَنَّةٌ يَّاْكُلُ مِنْهَا ۭ

"આ કેવો પયગંબર છે જે ભોજન લે છે અને બજારોમાં હરે-ફરે છે? કેમ તેની ઉપર કોઈ ફરિશ્તો ન ઉતર્યો કે તેના સાથે રહીને લોકોને ડરાવતો? અથવા ઓછામાં ઓછું તેના માટે કોઈ ખજાનો જ ઉતારવામાં આવતો કે પછી તેની પાસે કોઈ બગીચો હોત જેના તે ફળો ખાતો?" (કુર્આન, ૨૫:૭-૮)

આ ગેરસમજ ઈશદૂતત્વને માનવામાં સૌથી વધારે અવરોધરૂપ બની રહી હતી, તેથી કુર્આનમાં ભારપૂર્વક તેનું ખંડન કરવામાં આવ્યું અને દલીલોથી બતાવવામાં આવ્યું છે કે માનવીને સત્ય માર્ગ બતાવવા માટે માનવી જ વધુ યોગ્ય હોઈ શકે છે, કારણ કે પયગંબર મોકલવાનો હેતુ ફક્ત શિક્ષા જ આપવાનો નહિં, બલ્કે તેને સ્વયં વ્યવહારમાં લાવીને બતાવવાનો અને અનુકરણ માટે એક નમૂનો પ્રસ્તુત કરવાનો પણ છે. આ હેતુ માટે જો કોઈ ફરિશ્તો કે કોઈ અલૌકિક હસ્તી મોકલવામાં આવે, જેમાં માનવીય વિશેષતાઓ અને જરૂરતો ન હોય, તો વ્યક્તિ કહી શકે છે કે અમે તેની જેમ કેવી રીતે અમલ કરી શકીએ છીએ, જ્યારે કે તે અમારી જેમ મન અને મનેચ્છાઓ જ નથી રાખતો અને તેની પ્રકૃતિમાં એ શક્તિઓ જ જોવા નથી મળતી જે લોકોને ગુનાઓ તરફ લઈ જાય છે. કુર્આનમાં છે :

لَوْ كَانَ فِي الْاَرْضِ مَلٰٓئِكَةٌ يَّمْشُوْنَ مُطْمَئِنِّيْنَ لَنَزَّلْنَا عَلَيْهِمْ
مِّنَ السَّمَآءِ مَلَكًا رَّسُوْلًا ۝

"જો ધરતીમાં ફરિશ્તાઓ સંતોષપૂર્વક હરતા-ફરતા હોત તો અલબત્ત, અમે પણ તેમના ઉપર આકાશમાંથી કોઈ ફરિશ્તાને જ પયગંબર બનાવીને મોકલતા." (કુર્આન, ૧૭:૯૫)

પછી સ્પષ્ટપણે જણાવી દીધું કે આ પહેલાં જેટલા પયગંબરો અને માર્ગદર્શકો વિભિન્ન જાતિઓમાં મોકલવામાં આવ્યા હતા તે બધા મનુષ્યો જ હતા, જેમ કે હઝરત મુહમ્મદ (સલ્લ.) છે અને એવી જ રીતે ખાતા-પીતા અને હરતા-ફરતા હતા જે રીતે દરેક મનુષ્ય ખાય-પીએ અને હરે-ફરે છે. કુર્આન-મજીદમાં કહેવામાં આવ્યું છે :

وَمَآ أَرْسَلْنَا قَبْلَكَ إِلَّا رِجَالًا نُّوحِىٓ إِلَيْهِمْ فَسْـَٔلُوٓا أَهْلَ ٱلذِّكْرِ إِن
كُنتُمْ لَا تَعْلَمُونَ ۝ وَمَا جَعَلْنَٰهُمْ جَسَدًا لَّا يَأْكُلُونَ ٱلطَّعَامَ وَمَا
كَانُوا خَٰلِدِينَ ۝

"અમે તમારાથી પહેલાં જે લોકોને મોકલ્યા હતા, તેઓ પણ મનુષ્ય જ હતા, જેમના ઉપર અમે વહી (પ્રકાશના) મોકલતા હતા. જો તમે નથી જાણતા તો જ્ઞાન ધરાવતા લોકોને પૂછી લો. અમે તે પયગંબરોને એવા શરીર નહોતા આપ્યા કે તેઓ ભોજન ન લેતા હોય અને ન તેઓ હંમેશા જીવંત રહેનારા હતા." (કુર્આન, ૨૧:૭-૮)

وَمَآ أَرْسَلْنَا قَبْلَكَ مِنَ ٱلْمُرْسَلِينَ إِلَّآ إِنَّهُمْ لَيَأْكُلُونَ
ٱلطَّعَامَ وَيَمْشُونَ فِى ٱلْأَسْوَاقِ

"અને અમે તમારાથી પહેલાં જેટલા પણ પયગંબરો મોકલ્યા, તે બધા ભોજન લેતા હતા અને બજારોમાં હરતા-ફરતા હતા."
(કુર્આન, ૨૫:૨૦)

وَلَقَدْ أَرْسَلْنَا رُسُلًا مِّن قَبْلِكَ وَجَعَلْنَا لَهُمْ أَزْوَٰجًا وَذُرِّيَّةً

"અને અમે તમારાથી પહેલાં પણ ઘણાં પયગંબરો મોકલ્યા હતા અને તેમના માટે અમે પત્નીઓ પણ પેદા કરી અને તેમને સંતાનો પણ આપ્યા હતા." (કુર્આન, ૧૩:૩૮)

આ પછી હઝરત મુહમ્મદ (સલ્લ.)ને આજ્ઞા આપવામાં આવી કે તમે પોતે માનવી હોવાની સ્પષ્ટ જાહેરાત કરો, જેથી આપના પછી લોકો આપને પણ એ જ

પ્રમાણે ઈશ્વરત્વથી જોડવા ન લાગે, જે પ્રમાણે આપના પહેલાં અન્ય પયગંબરોની સાથે કરી ચૂક્યા હતા. તેથી કુર્આનમાં અનેક જગ્યાએ આ આયત આવી છે :

قُلْ إِنَّمَا أَنَا بَشَرٌ مِّثْلُكُمْ يُوحَىٰ إِلَيَّ أَنَّمَا إِلَٰهُكُمْ إِلَٰهٌ وَاحِدٌ

"હે પયગંબર ! કહી દો કે હું તો માત્ર તમારા જેવો એક મનુષ્ય છું, મારા ઉપર 'વહી' (દિવ્ય પ્રકાશના) કરવામાં આવે છે કે તમારો ઈશ્વર એક જ ઈશ્વર છે." (કુર્આન, ૧૮:૧૧૦)

આ ખુલાસાઓએ કેવળ હઝરત મુહમ્મદ (સલ્લ.)ના વિશે જ તમામ ખોટી ધારણાઓના દ્વાર બંધ ન કર્યા, બલ્કે અગાઉના તમામ પયગંબરો અને ધાર્મિક મહાનુભાવો વિશે પણ આ ગેરસમજને દૂર કરી નાખી.

(૨) બીજી વાત, જેનું કુર્આન-મજીદમાં ખૂબ સ્પષ્ટ રૂપે વર્ણન કરવામાં આવ્યું છે, તે પયગંબરની શક્તિ અને સામર્થ્યની વાત છે. અજ્ઞાનતા અને મૂર્ખતાને કારણે જ્યારે લોકોએ ખુદાના નેક, સદાચારી અને સંયમી બંદાઓને ઈશ્વરના બરાબર કે ઈશ્વર જ બનાવી નાખ્યા, તો સ્વાભાવિક રૂપે એ ધારણા પણ ઉત્પન્ન થઈ ગઈ કે ઈશ્વરના આવા નેક બંદાઓમાં અસાધારણ શક્તિઓ હોય છે. ઈશ્વરના કારખાનામાં તેમને કંઈક વિશેષ અધિકારો પ્રાપ્ત હોય છે. કર્મોનો બદલો આપવામાં તેમને હસ્તક્ષેપ કરવાનો અધિકાર હોય છે અને પ્રત્યક્ષ-પરોક્ષ બધી વસ્તુઓની તેમને જાણકારી હોય છે. ભાગ્યના નિર્ણયો તેમની મરજી અને અભિપ્રાયથી અદલ-બદલ થાય છે. ફાયદો અને નુકસાન પહોંચાડવાની શક્તિ તેમના પાસે હોય છે. જગતની તમામ શક્તિઓ તેમના આધીન હોય છે અને તેઓ એક નજરમાં લોકોના હૃદય બદલીને તેમની પથભ્રષ્ટતા અને અંધકારને દૂર કરી શકે છે. આવી જ કલ્પનાઓ હતી, જેના આધારે લોકો અલ્લાહના પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.) પાસે પણ ચિત્ર-વિચિત્ર માંગણીઓ કર્યા કરતા હતા. તેથી કુર્આનમાં કહેવામાં આવ્યું છે :

وَقَالُوا لَن نُّؤْمِنَ لَكَ حَتَّىٰ تَفْجُرَ لَنَا مِنَ الْأَرْضِ يَنبُوعًا ۝ أَوْ تَكُونَ
لَكَ جَنَّةٌ مِّن نَّخِيلٍ وَعِنَبٍ فَتُفَجِّرَ الْأَنْهَارَ خِلَالَهَا تَفْجِيرًا ۝ أَوْ تُسْقِطَ
السَّمَاءَ كَمَا زَعَمْتَ عَلَيْنَا كِسَفًا أَوْ تَأْتِيَ بِاللَّهِ وَالْمَلَائِكَةِ قَبِيلًا ۝ أَوْ يَكُونَ
لَكَ بَيْتٌ مِّن زُخْرُفٍ أَوْ تَرْقَىٰ فِي السَّمَاءِ ۖ وَلَن نُّؤْمِنَ لِرُقِيِّكَ حَتَّىٰ
تُنَزِّلَ عَلَيْنَا كِتَابًا نَّقْرَؤُهُ ۗ قُلْ سُبْحَانَ رَبِّي هَلْ كُنتُ إِلَّا بَشَرًا رَّسُولًا ۝

"તેમણે કહ્યું, અમે તો કદાપિ તમારા ઉપર ઈમાન નહીં લાવીએ, જ્યાં સુધી તમે અમારા માટે ધરતીમાંથી એક ઝરણું ન કાઢો અથવા તમારા માટે ખજૂર અને દ્રાક્ષનો એક બગીચો પેદા ન કરી દો અને તેમાં તમે નહેરો વહેતી ન કરી દો; અથવા તમે કહ્યા કરો છો, આકાશને ટુકડે-ટુકડા કરીને અમારા ઉપર નાખી ન દો અથવા અલ્લાહ અને ફરિશ્તાઓને અમારા સામે લાવીને ઊભા ન કરી દો અથવા તમારે માટે સોનાનું એક ઘર બની જાય અથવા તમે આકાશ પર ચઢી જાઓ, અને અમે તમારા આકાશ પર ચઢવા ઉપર પણ ત્યાં સુધી વિશ્વાસ નહીં કરીએ જ્યાં સુધી તમે અમારા ઉપર એવું લખાણ ન ઉતારો જેને અમે વાંચીએ. હે પયગંબર ! એમને કહો ! પવિત્ર છે મારો પાલનહાર, હું એ સિવાય શું કહું કે મનુષ્ય છું, જેને પયગંબર બનાવવામાં આવ્યો છે." (કુર્આન, ૧૭:૯૦-૯૩)

ઈશ્વર-પ્રાપ્તિ અને મહાનતા વિશે જેટલી કલ્પનાઓ લોકોમાં જોવા મળે છે, ઈશ્વરે તે બધાનું ખંડન કરી નાખ્યું અને સાફ બતાવી દીધું કે ઈશ્વરીય શક્તિઓ અને ઈશ્વરીય કામોમાં પયગંબરનું સહેજ પણ યોગદાન નથી. તેથી ફરમાવ્યું કે અમારી પરવાનગી વગર બીજાઓને નુકસાનથી બચાવવું તો દૂરની વાત છે, પયગંબર સ્વયં પોતાને નુકસાનથી બચાવવાનું સામર્થ્ય નથી રાખતા :

وَاِنْ يَّمْسَسْكَ اللّٰهُ بِضُرٍّ فَلَا كَاشِفَ لَهٗۤ اِلَّا هُوَ ؕ
وَاِنْ يَّمْسَسْكَ بِخَيْرٍ فَهُوَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ۝

"હે પયગંબર ! જો અલ્લાહ તમને કોઈ નુકસાન પહોંચાડે, તો તેના સિવાય કોઈ એ નુકસાનને દૂર કરનાર નથી અને તે તમારા સાથે કોઈ ભલાઈ કરવા ચાહે, તો તે દરેક વસ્તુ પર સામર્થ્ય ધરાવે છે."
(કુર્આન, ૬:૧૭)

قُلْ لَّاۤ اَمْلِكُ لِنَفْسِىْ ضَرًّا وَّلَا نَفْعًا اِلَّا مَا شَآءَ اللّٰهُ

"હે પયગંબર ! કહો, હું તો મારા પોતાના માટે પણ નફા કે નુકસાનનું સામર્થ્ય નથી ધરાવતો, સિવાય તેના જે અલ્લાહ ચાહે." (કુર્આન, ૧૦:૪૯)

અને ફરમાવ્યું કે પયગંબરની પાસે ઈશ્વરના ખજાનાની ચાવીઓ નથી અને ન તે અદૃશ્યનું જ્ઞાન ધરાવે છે અને ન તેની પાસે અસ્વાભાવિક શક્તિઓ છે. કુર્આનમાં છે કે :

قُلْ لَّآ اَقُوْلُ لَكُمْ عِنْدِىْ خَزَآىِٕنُ اللّٰهِ وَلَآ اَعْلَمُ الْغَيْبَ وَلَآ اَقُوْلُ لَكُمْ اِنِّىْ مَلَكٌ ۚ اِنْ اَتَّبِعُ اِلَّا مَا يُوْحٰٓى اِلَىَّ

"(હે પયગંબર !) કહો, હું તમને એમ નથી કહેતો કે મારા પાસે અલ્લાહના ખજાનાઓ છે. ન હું અદૃશ્યનું જ્ઞાન ધરાવું છું અને ન હું તમને એમ કહું છું કે હું ફરિશ્તો છું (અર્થાત્ માનવ-સહજ જરૂરતોથી રહિત છું). હું તો ફક્ત એ વસ્તુનું અનુસરણ કરું છું, જેની મારા ઉપર 'વહી' (દિવ્ય પ્રકાશના) કરવામાં આવે છે." (કુર્આન, ૬:૫૦)

وَلَوْ كُنْتُ اَعْلَمُ الْغَيْبَ لَاسْتَكْثَرْتُ مِنَ الْخَيْرِ ۛ وَمَا مَسَّنِىَ السُّوْٓءُ ۛ اِنْ اَنَا اِلَّا نَذِيْرٌ وَّ بَشِيْرٌ لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ۝

"અને જો હું અદૃશ્યનું જ્ઞાન ધરાવનાર હોત તો પોતાના માટે ઘણાં-બધા ફાયદાઓ સમેટી લેતો અને મને કંઈપણ નુકસાન ન થાત. હું તો કેવળ એક સચેત કરનાર છું, અને જે મારી વાત માની લે તેમને ખુશખબરી આપનારો છું." (કુર્આન, ૭:૧૮૮)

અને ફરમાવ્યું કે પયગંબરને હિસાબ-કિતાબ અને કર્મોનો બદલો આપવામાં પણ હસ્તક્ષેપ કરવાનો કોઈ અધિકાર નથી. તેમનું કાર્ય ફક્ત સંદેશ પહોંચાડવાનું અને સન્માર્ગ બતાવી દેવાનું છે. આગળ પૂછતાછ કરવી અને પકડ કરવી અને લોકોને સજા કે ઇનામ આપવું એ ઈશ્વરનું કામ છે. કુર્આનમાં છે કે :

قُلْ اِنِّىْ عَلٰى بَيِّنَةٍ مِّنْ رَّبِّىْ وَكَذَّبْتُمْ بِهٖ ۭ مَا عِنْدِىْ مَا تَسْتَعْجِلُوْنَ بِهٖ ۭ اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ ۭ يَقُصُّ الْحَقَّ وَهُوَ خَيْرُ الْفٰصِلِيْنَ ۝ قُلْ لَّوْ اَنَّ عِنْدِىْ مَا تَسْتَعْجِلُوْنَ بِهٖ لَقُضِىَ الْاَمْرُ بَيْنِىْ وَبَيْنَكُمْ ۭ وَاللّٰهُ اَعْلَمُ بِالظّٰلِمِيْنَ ۝

"(હે પયગંબર !) આ લોકોને કહો કે હું મારા રબ (પ્રભુ-પાલનહાર) તરફથી સ્પષ્ટ દલીલ પર છું અને તમે તેને ખોટી ઠેરવી દીધી છે. હવે એ વાત મારા અધિકારમાં નથી કે જે પ્રકોપ માટે તમે ઉતાવળ કરી રહ્યા છો, તે હું પોતે જ તમારા ઉપર ઉતારી દઉં. નિર્ણય સંપૂર્ણપણે અલ્લાહના હાથમાં છે. તે જ સત્ય હકીકત બતાવે છે અને તે જ સર્વોત્તમ નિર્ણય કરવાવાળો છે. તેમને કહો કે જો ક્યાંક એ પ્રકોપ

મારા અધિકારમાં હોત જેના માટે તમે ઉતાવળા થઈ રહ્યા છો, તો મારા અને તમારા વચ્ચે ક્યારનોય ફેંસલો થઈ ગયો હોત. પરંતુ અલ્લાહ જ અત્યાચારીઓ સાથે સારી રીતે નિપટવાનું જાણે છે." (કુર્આન, ૬:૫૭-૫૮)

فَإِنَّمَا عَلَيْكَ الْبَلٰغُ وَعَلَيْنَا الْحِسَابُ ۝

"(હે પયગંબર !) તમારું કામ તો બસ સંદેશ પહોંચાડી દેવાનુ' છે, હિસાબ લેવો એ અમારું કામ છે." (કુર્આન, ૧૩:૪૦)

إِنَّا أَنْزَلْنَا عَلَيْكَ الْكِتٰبَ لِلنَّاسِ بِالْحَقِّ ۚ فَمَنِ اهْتَدٰى فَلِنَفْسِهِ ۚ وَمَنْ
ضَلَّ فَإِنَّمَا يَضِلُّ عَلَيْهَا ۚ وَمَا أَنْتَ عَلَيْهِمْ بِوَكِيلٍ ۝

''(હે પયગંબર !) અમે લોકોના માર્ગદર્શન માટે આ ગ્રંથ સત્ય સાથે તમારા ઉપર ઉતાર્યો છે. હવે જે કોઈ સન્માર્ગ ગ્રહણ કરે છે, પોતાના માટે જ સારું કરે છે અને જે ગુમરાહીમાં પડે છે, પોતાના હક્કમાં જ ખરાબ કરે છે અને તમે તેમના ઉપર કોઈ હવાલદાર નથી." (કુર્આન, ૩૯:૪૧)

અને ફરમાવ્યું કે લોકોના દિલોને ફેરવી નાખવા અને જે લોકો સત્ય સ્વીકારવા માટે તૈયાર ન હોય, તેમનામાં ઈમાન ઉત્પન્ન કરી દેવું પયગંબરના વશની વાત નથી. તે માર્ગદર્શક ફક્ત એ અર્થમાં છે કે ઉપદેશ આપવાનું અને સાવધાન કરવાનું જે તેમનું કર્તવ્ય છે, તેનું તેઓ સંપૂર્ણ રીતે પાલન કરે છે અને જે રસ્તો જોવા ઇચ્છે તેને રસ્તો દેખાડી દે છે. કુર્આનમાં કહેવામાં આવ્યું છે કે :

إِنَّكَ لَا تُسْمِعُ الْمَوْتٰى وَلَا تُسْمِعُ الصُّمَّ الدُّعَآءَ إِذَا وَلَّوْا مُدْبِرِينَ ۝
وَمَآ أَنْتَ بِهٰدِي الْعُمْيِ عَنْ ضَلٰلَتِهِمْ ۖ إِنْ تُسْمِعُ إِلَّا مَنْ يُؤْمِنُ
بِاٰيٰتِنَا فَهُمْ مُسْلِمُونَ ۝

''તમે મડદાંઓને નથી સંભળાવી શકતા અને ન બહેરાઓ સુધી અવાજ પહોંચાડી શકો છો, જ્યારે કે પીઠ ફેરવીને તેઓ પાછા ફરી જાય અને ન તો તમે આંધળાઓને પથભ્રષ્ટતાથી કાઢીને સીધા માર્ગ પર લાવી શકો છો. તમે તો કેવળ એ જ લોકોને સંભળાવી શકો છો જેઓ અમારી નિશાનીઓ પર ઈમાન લાવે છે. પછી આજ્ઞાંકિત બની જાય છે." (કુર્આન, ૨૭:૮૦-૮૧)

وَمَآ اَنْتَ بِمُسْمِعٍ مَّنْ فِي الْقُبُوْرِ۝ اِنْ اَنْتَ اِلَّا نَذِيْرٌ۝ اِنَّآ اَرْسَلْنٰكَ
بِالْحَقِّ بَشِيْرًا وَّنَذِيْرًا

"તમે કબરના મડદાંઓને સંભળાવનાર નથી. તમે તો ફક્ત સચેત કરી દેનારા છો અને અમે તમને સત્ય સાથે ખુશખબરી આપનાર અને ડરાવનાર બનાવીને મોકલ્યા છે." (કુર્આન, ૩૫:૨૨-૨૪)

પછી એ પણ સ્પષ્ટ બતાવી દેવામાં આવ્યું કે પયગંબરને જે કાંઈ આદર, સન્માન અને ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત છે, તે તમામ એ કારણે છે કે તે ઈશ્વરનું આજ્ઞાપાલન કરે છે, તેના આદેશો ઉપર સારી રીતે અમલ કરે છે અને જે કંઈ દિવ્ય-વાણી તેના ઉપર ઉતારવામાં આવે છે, તે તેને યથાવત ઈશ્વરના બંદાઓ સુધી પહોંચાડી દે છે. નહિં તો જો તે આજ્ઞાપાલનથી મોઢું ફેરવે અને ઈશ્વરની વાણીમાં પોતાના મનથી ઘડીને વાતો ભેળવી દે, તો તેની કોઈ મહત્તા બાકી નથી રહેતી. કુર્આનમાં છે કે :

وَلَئِنِ اتَّبَعْتَ اَهْوَآءَهُمْ مِّنْۢ بَعْدِ مَا جَآءَكَ مِنَ الْعِلْمِ ۙ اِنَّكَ
اِذًا لَّمِنَ الظّٰلِمِيْنَ۝

"અને જો તમે એમની ઇચ્છાઓનું અનુસરણ કર્યું, એ જ્ઞાન હોવા છતાં જે તમારા પાસે આવી ગયું છે, તો અવશ્ય આ પરિસ્થિતિમાં તમે અન્યાયી હશો." (કુર્આન, ૨:૧૪૫)

وَلَئِنِ اتَّبَعْتَ اَهْوَآءَهُمْ بَعْدَ الَّذِيْ جَآءَكَ مِنَ الْعِلْمِ ۙ مَا لَكَ مِنَ اللّٰهِ
مِنْ وَّلِيٍّ وَّلَا نَصِيْرٍ۝

"અને જો તમે એ જ્ઞાન છતાં જે તમારા પાસે આવ્યું છે, તેમની ઇચ્છાઓનું અનુસરણ કર્યું તો તમને અલ્લાહના પ્રકોપથી બચાવનાર કોઈ સમર્થક અને મદદગાર નહીં હોય." (કુર્આન, ૨:૧૨૦)

قُلْ مَا يَكُوْنُ لِيْٓ اَنْ اُبَدِّلَهٗ مِنْ تِلْقَآئِ نَفْسِيْ ۚ اِنْ اَتَّبِعُ اِلَّا مَا
يُوْحٰٓى اِلَيَّ ۚ اِنِّيْٓ اَخَافُ اِنْ عَصَيْتُ رَبِّيْ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ۝

"(હે પયગંબર !) એમને કહો, મને આ વાણીમાં પોતાના તરફથી કંઈપણ ફેરબદલ કરવાનો અધિકાર નથી. હું તો માત્ર એ જ વસ્તુનું અનુસરણ કરું છું જે મારા ઉપર 'વહી' (દિવ્ય પ્રકાશના) કરવામાં

આવે છે. જો હું મારા પાલનહારની અવજ્ઞા કરું તો મને એક મહાન દિવસના પ્રકોપનો ભય છે." (કુર્આન, ૧૦:૧૫)

આ વાતો એટલા માટે નથી કહેવામાં આવી કે વ્હાલા પયગંબર (સલ્લ.)થી કોઈ અવજ્ઞા કે અલ્લાહની વાણીમાં કોઈપણ પ્રકારના ફેરબદલનો જરા પણ સંદેહ હતો. વાસ્તવમાં આ આયતોનો ઉદ્દેશ્ય જગત ઉપર એ હકીકત સ્પષ્ટ કરવાનો હતો કે પયગંબરને ઈશ્વરનું જે સામિપ્ય અને નિકટતા પ્રાપ્ત છે, તેનું કારણ એ નથી કે પયગંબરથી ઈશ્વરની કોઈ રિશ્તેદારી છે, બલ્કે તેની નિકટતાનું કારણ એ છે કે તેઓ ઈશ્વરના અત્યંત આજ્ઞાંકિત અને દિલો-જાનથી બંદા છે.

(૩) ત્રીજી વાત જેનો કુર્આનમાં વારંવાર ખૂબ જ વિગતવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે એ છે કે હઝરત મુહમ્મદ (સલ્લ.) કોઈ નવા પયગંબર નથી, બલ્કે પયગંબરોના ક્રમના એક વ્યક્તિ અને એક કડી છે, જે શરૂઆતથી લઈને આપની નિયુક્તિ સુધી ચાલુ રહી, અને જેમાં પ્રત્યેક જાતિ અને દરેક યુગના પયગંબરો સામેલ છે. કુર્આન પયગંબરી (ઈશદૂતત્વ)ને કોઈ એક વ્યક્તિ કે કોઈ એક દેશ કે એક જાતિ માટે વિશેષ નથી કરતું, બંલ્કે તે સ્પષ્ટ રીતે જાહેર છે કે અલ્લાહે દરેક જાતિમાં, દરેક દેશમાં અને દરેક યુગમાં એવા પવિત્રાત્મા લોકો પેદા કર્યા છે, જેમણે લોકોને સન્માર્ગ તરફ આમંત્રણ આપ્યું છે અને પથભ્રષ્ટતાના ખરાબ પરિણામોથી ચેતવ્યા છે. કુર્આનમાં છે કે :

وَإِنْ مِّنْ أُمَّةٍ إِلَّا خَلَا فِيهَا نَذِيرٌ ۝

"કોઈ કોમ (સમુદાય) એવી નથી રહી, જેમાં કોઈ સચેત કરનાર ન આવ્યો હોય." (કુર્આન, ૩૫:૨૪)

وَلَقَدْ بَعَثْنَا فِي كُلِّ أُمَّةٍ رَّسُولًا أَنِ اعْبُدُوا اللَّهَ
وَاجْتَنِبُوا الطَّاغُوتَ

"અને અમે દરેક કોમ (સમુદાય) માં એક પયગંબર મોકલ્યો, જેણે સંદેશ આપ્યો કે અલ્લાહની બંદગી કરો અને તાગૂત (શૈતાન)ની બંદગીથી બચો." (કુર્આન, ૧૬:૩૬)

આ જ પયગંબરો અને સચેત કરનારાઓમાંથી હઝરત મુહમ્મદ (સલ્લ.) પણ છે. તેથી કુર્આનમાં અનેક જગ્યાએ કહેવામાં આવ્યું છે કે :

هَٰذَا نَذِيرٌ مِّنَ النُّذُرِ الْأُولَىٰ ۝

"આ એક સચેત કરનાર છે, પૂરોગામી સચેત કરનારાઓમાંથી."
(કુર્આન, ૫૩:૫૬)

إِنَّكَ لَمِنَ الْمُرْسَلِينَ ۝

"હે મુહમ્મદ ! નિઃસંદેહ, તમે પયગંબરોમાંથી છો."
(કુર્આન, ૩૬:૩)

قُلْ مَا كُنْتُ بِدْعًا مِّنَ الرُّسُلِ وَمَآ أَدْرِي مَا يُفْعَلُ بِي وَلَا بِكُمْ ۖ
إِنْ أَتَّبِعُ إِلَّا مَا يُوحَىٰٓ إِلَيَّ وَمَآ أَنَا۠ إِلَّا نَذِيرٌ مُّبِينٌ ۝

"હે મુહમ્મદ ! કહો, હું કોઈ નિરાળો પયગંબર નથી. હું નથી જાણતો કે મારા સાથે કેવો વ્યવહાર કરવામાં આવશે અને તમારા સાથે કેવું વર્તન થશે ? હું તો એ જ વસ્તુનું અનુસરણ કરું છું, જે મારા ઉપર 'વહી' કરવામાં આવે છે અને હું તો કેવળ એક સચેત કરવાવાળો છું, સાફ-સાફ." (કુર્આન, ૪૬:૯)

وَمَا مُحَمَّدٌ إِلَّا رَسُولٌ ۚ قَدْ خَلَتْ مِن قَبْلِهِ الرُّسُلُ

"મુહમ્મદ કંઈ નથી, બલ્કે એક રસૂલ (સંદેશવાહક) અને એમના પહેલાં પણ રસૂલો આવી ચૂક્યા છે." (કુર્આન, ૩:૧૪૪)

એટલું જ નહીં, બલ્કે એ પણ કહી દીધું કે હઝરત મુહમ્મદ (સલ્લ.) નો સંદેશ એ જ સંદેશ છે, જેના તરફ શરૂઆતથી દરેક પયગંબર બોલાવતો રહ્યો છે અને આપ (સલ્લ.) એ જ પ્રાકૃતિક ધર્મનો ઉપદેશ આપતા રહ્યા, જેનો ઉપદેશ ઈશ્વરના દરેક પયગંબરે હંમેશા આપ્યો છે. કુર્આનમાં કહેવામાં આવ્યું છે કે :

قُولُوٓا۟ ءَامَنَّا بِٱللَّهِ وَمَآ أُنزِلَ إِلَيْنَا وَمَآ أُنزِلَ إِلَىٰٓ إِبْرَٰهِـۧمَ وَإِسْمَـٰعِيلَ
وَإِسْحَـٰقَ وَيَعْقُوبَ وَٱلْأَسْبَاطِ وَمَآ أُوتِىَ مُوسَىٰ وَعِيسَىٰ وَمَآ
أُوتِىَ ٱلنَّبِيُّونَ مِن رَّبِّهِمْ لَا نُفَرِّقُ بَيْنَ أَحَدٍ مِّنْهُمْ وَنَحْنُ لَهُۥ
مُسْلِمُونَ ۝ فَإِنْ ءَامَنُوا۟ بِمِثْلِ مَآ ءَامَنتُم بِهِۦ فَقَدِ ٱهْتَدَوا۟

"કહો, અમે ઈમાન લાવ્યા અલ્લાહ ઉપર અને તે શિક્ષણ ઉપર, જે અમારા તરફ અવતરિત કરવામાં આવ્યું છે અને એ શિક્ષણ ઉપર જે ઈબ્રાહીમ, ઇસ્માઈલ, ઈસ્હાક, યાકૂબ અને તેમના સંતાનો પર ઉતારવામાં આવ્યું હતું અને જે મૂસા, ઈસા અને બીજા ઈશદૂતોને

તેમના પાલનહાર તરફથી આપવામાં આવ્યું હતું. અમે તેમના વચ્ચે ભેદ કરતા નથી અને અમે અલ્લાહના આજ્ઞાંકિત છીએ. તેથી જો આ લોકો પણ એવી જ રીતે ઈમાન લઈ આવે જેવી રીતે તમે લાવ્યા છો તો તેઓ સન્માર્ગ ઉપર છે." (કુર્આન, ૨:૧૩૬-૧૩૭)

પવિત્ર કુર્આનનું આ સ્પષ્ટીકરણ એ હકીકતમાં કોઈ સંદેહને અવકાશ નથી રહેવા દેતું કે હઝરત મુહમ્મદ (સલ્લ.) અગાઉના પયગંબરોમાંથી કોઈને ખોટો ઠેરવવા કે કોઈએ લાવેલ સંદેશનું ખંડન કરવા માટે નહોતા આવ્યા, બલ્કે એટલા માટે આવ્યા હતા કે એ જ સત્ય-ધર્મને, જે પહેલા દિવસથી તમામ કોમોના પયગંબરો પ્રસ્તુત કરતા આવ્યા હતા, પછીના લોકોની મિલાવટથી પવિત્ર કરીને તેને ફરીથી પ્રસ્તુત કરી દે.

(૪) આમ, પવિત્ર કુર્આન પોતાને લાવનારની ખરી હેસિયત વર્ણવ્યા પછી એ કામોનો અહેવાલ આપે છે, જેના માટે ઈશ્વરે તેમને મોકલ્યા હતા.

આ કામો સામાન્યતઃ બે વિભાગોથી સંબંધિત છે – એકનો સંબંધ શિક્ષણથી છે અને બીજાનો કર્મથી.

**પ્રથમ વિભાગના કાર્યો આ પ્રમાણે છે :**

(૧) કુર્આન-મજીદની આયતોનું પઠન કરવું, મનનું શુદ્ધિકરણ, ગ્રંથ અને હિકમત (તત્ત્વદર્શિતા)નું શિક્ષણ. કુર્આનમાં છે કે :

لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ اِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلًا مِّنْ اَنْفُسِهِمْ
يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَيُزَكِّيْهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ ۚ وَاِنْ
كَانُوْا مِنْ قَبْلُ لَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ

"વાસ્તવમાં ઈમાન લાવવાવાળા લોકો ઉપર અલ્લાહનો મોટો ઉપકાર છે કે તેણે તેમના વચ્ચેથી જ એક એવો પયગંબર ઉઠાવ્યો, જે તેમને તેની આયાતો સંભળાવે છે અને તેમની આત્મશુદ્ધિ કરે છે અને તેમને ગ્રંથ અને હિકમતનું શિક્ષણ આપે છે; નહિં તો આનાથી પહેલાં તો તેઓ ખુલ્લી પથભ્રષ્ટતામાં પડેલા હતા." (કુર્આન, ૩:૧૬૪)

આયતોના પઠનનો અર્થ ઈશ્વરના આદેશો અને ઉપદેશોને અક્ષરશઃ સંભળાવી દેવું છે. આત્મશુદ્ધિથી તાત્પર્ય એ છે કે લોકોના આચાર અને તેમના જીવનને ખરાબ વસ્તુઓ, ખરાબ આદતો અને ખરાબ રીતોથી પવિત્ર કરવામાં આવે અને તેમનામાં સદ્‌ગુણ, શિષ્ટાચાર અને પવિત્ર નૈતિક ગુણોને વિકસિત કરવામાં આવે. ગ્રંથ અને

હિકમતનું શિક્ષણ એ છે કે લોકોને ઈશ્વરના ગ્રંથનો ખરો ઉદ્દેશ્ય અને અર્થ સમજાવવામાં આવે. તેમનામાં એવું જ્ઞાન અને દૂરદર્શિતા પેદા કરવામાં આવે કે તેઓ કુર્આનના મૂળ આત્મા સુધી પહોંચી શકે અને તેમને હિકમત શિખવાડવામાં આવે, જેનાથી તેઓ પોતાના જીવનના તમામ પાસાઓને ઈશ્વરીય ગ્રંથ અનુસાર ઢાળે અને વિકસિત કરતા રહે.

(૨) ધર્મની પૂર્તિ :-

ٱلْيَوْمَ أَكْمَلْتُ لَكُمْ دِينَكُمْ وَأَتْمَمْتُ عَلَيْكُمْ نِعْمَتِى
وَرَضِيتُ لَكُمُ ٱلْإِسْلَٰمَ دِينًا

"આજે મેં તમારા ધર્મને તમારા માટે પૂર્ણ કરી દીધો, અને તમારા પર મારી નેઅમત (બક્ષિસ)ની પૂર્તિ કરી દીધી અને તમારા માટે ઈસ્લામની રીતને પસંદ કરી." (કુર્આન, ૫:૩)

બીજા શબ્દોમાં કુર્આન મોકલનારે તેને લઈને આવનારથી કેવળ એ જ સેવા નથી લીધી કે તેની આયતોનું પઠન કરે, મનનું શુદ્ધિકરણ કરે તથા ગ્રંથ અને હિકમતનું શિક્ષણ આપે, બલ્કે તેણે પોતાના આ જ નેક બંદા દ્વારા એ કામને પૂરું કરાવ્યું કે જે આયતો માનવ-જાતિને મોકલવી હતી તે બધી તેમની મારફતે મોકલી દીધી. જે ખરાબીઓથી માનવ-જીવનને પવિત્ર કરવું હતું, તે તમામ તેમના હાથે દૂર કરીને બતાવી દીધી. જે સદ્‌ગુણોનો વિકાસ જે શાનથી વ્યક્તિઓ અને સમાજમાં થવો જોઈતો હતો, તેનો સર્વોત્તમ નમૂનો તેમના નેતૃત્વમાં પ્રસ્તુત કરાવી દીધો તેમજ ગ્રંથ અને હિકમતનું એવું શિક્ષણ તેમના દ્વારા અપાવી દીધું કે આવનારા તમામ યુગોમાં કુર્આનના હેતુ અનુસાર માનવ-જીવનનું નિર્માણ કરી શકાય.

(૩) એ મતભેદોની હકીકતને સ્પષ્ટ કરવી પણ પયગંબરનું કર્તવ્ય હતું, જે વાસ્તવિક સત્ય-ધર્મમાં અગાઉના પયગંબરોના સમુદાયો દરમ્યાન ઊભા થઈ ગયા હતા અને તમામ આવરણોને હટાવીને, તમામ ભેળસેળ છાંટીને, બધી ઉલઝનો દૂર કરીને એ સન્માર્ગને સંપૂર્ણપણે પ્રકાશમાં જાહેર કરી દેવો, જેના ઉપર ચાલવું હંમેશાથી ઈશ્વરને પ્રાપ્ત કરવાનો એક માત્ર માર્ગ રહ્યો છે.

تَٱللَّهِ لَقَدْ أَرْسَلْنَآ إِلَىٰٓ أُمَمٍ مِّن قَبْلِكَ فَزَيَّنَ لَهُمُ ٱلشَّيْطَٰنُ
أَعْمَٰلَهُمْ فَهُوَ وَلِيُّهُمُ ٱلْيَوْمَ وَلَهُمْ عَذَابٌ أَلِيمٌ ۝ وَمَآ أَنزَلْنَا
عَلَيْكَ ٱلْكِتَٰبَ إِلَّا لِتُبَيِّنَ لَهُمُ ٱلَّذِى ٱخْتَلَفُوا۟ فِيهِ ۙ وَهُدًى
وَرَحْمَةً لِّقَوْمٍ يُؤْمِنُونَ ۝

"અલ્લાહ સાક્ષી છે, અમે (હે મુહમ્મદ !) તમારા પહેલાં વિભિન્ન સમુદાયો તરફ આદેશો મોકલ્યા. પરંતુ તે પછી શૈતાને તેમના દુષ્કૃત્યોને તેમના માટે સુંદર બનાવી દીધા. તેથી આજે તે જ તેમનો સંરક્ષક બનેલો છે અને તેઓ પીડાજનક પ્રકોપને પાત્ર બની ગયા છે અને અમે તમારા ઉપર આ ગ્રંથ કેવળ એટલા માટે ઉતાર્યો છે કે એ હકીકતને તેમના ઉપર જાહેર કરી દો, જેમાં તેમના દરમ્યાન વિભેદ જોવા મળે છે અને તેથી આ ગ્રંથ નિર્દેશ અને દયા સાબિત થાય, એ લોકો માટે જેઓ આનું અનુસરણ સ્વીકાર કરી લે." (કુર્આન, ૧૬:૬૩-૬૪)

يَٰٓأَهْلَ الْكِتٰبِ قَدْ جَآءَكُمْ رَسُوْلُنَا يُبَيِّنُ لَكُمْ كَثِيْرًا مِّمَّا كُنْتُمْ
تُخْفُوْنَ مِنَ الْكِتٰبِ وَيَعْفُوْا عَنْ كَثِيْرٍ ۚ قَدْ جَآءَكُمْ مِّنَ اللّٰهِ نُوْرٌ وَّ
كِتٰبٌ مُّبِيْنٌ ۙ يَّهْدِيْ بِهِ اللّٰهُ مَنِ اتَّبَعَ رِضْوَانَهٗ سُبُلَ السَّلٰمِ
وَيُخْرِجُهُمْ مِّنَ الظُّلُمٰتِ إِلَى النُّوْرِ بِإِذْنِهٖ وَيَهْدِيْهِمْ إِلٰى
صِرَاطٍ مُّسْتَقِيْمٍ ۝

"હે ગ્રંથવાળાઓ ! તમારા પાસે અમારો પયગંબર આવી ગયો છે જે તમારા સામે ઘણી એ વાતોને ખોલીને વર્ણવે છે, જેને તમે ગ્રંથમાંથી છુપાવો છો અને ઘણી વાતોને માફ કરી દે છે. તમારા પાસે અલ્લાહ તરફથી એક પ્રકાશ અને એક સ્પષ્ટ ગ્રંથ આવી ગયો છે, જેના દ્વારા અલ્લાહ એ લોકોને જેઓ તેની ઇચ્છાનુસાર ચાલે છે, શાંતિનો માર્ગ દેખાડે છે અને તેમને અંધકારમાંથી બહાર કાઢીને પ્રકાશમાં લઈ આવે છે અને સન્માર્ગ તરફ તેમનું માર્ગદર્શન કરે છે." (કુર્આન,૫:૧૫-૧૬)

(૪) અવજ્ઞાકારીઓને ચેતવણી આપવી, આજ્ઞાકારીઓને ઈશ્વરની દયાની ખુશખબરી આપવી અને ઈશ્વરીય ધર્મનો પ્રચાર કરવો. કુર્આનમાં છે કે :

يَٰٓأَيُّهَا النَّبِيُّ إِنَّآ أَرْسَلْنٰكَ شَاهِدًا وَّمُبَشِّرًا وَّنَذِيْرًا ۙ وَّ
دَاعِيًا إِلَى اللّٰهِ بِإِذْنِهٖ وَسِرَاجًا مُّنِيْرًا ۝

"હે પયગંબર ! અમે તમને સાક્ષી અને ખુશખબરી આપનાર અને સચેત કરનાર અને અલ્લાહની આજ્ઞાથી અલ્લાહની તરફ આહવાન્ કરનાર અને એક પ્રકાશિત સૂર્ય બનાવીને મોકલ્યા છે."

(કુર્આન, ૩૩:૪૫-૪૬)

બીજો વિભાગ વ્યવહારિક જીવન અને તેના મામલાઓ સાથે સંબંધિત છે અને તેના કાર્યો આ પ્રમાણે છે :

● નેકીનો આદેશ આપવો, બૂરાઈથી રોકવું, હલાલ અને હરામ (વૈધ-અવૈધ)ની સીમાઓ સ્થાપિત કરવી અને માનવીને ઈશ્વર સિવાય બીજા કોઈએ પણ મૂકેલ પાબંદીઓથી મુક્ત કરવો અને તેમણે સ્વયં લાદેલા બોજથી તેમને આઝાદ કરવા. કુર્આનમાં છે કે :

يَأْمُرُهُم بِالْمَعْرُوفِ وَيَنْهَاهُمْ عَنِ الْمُنكَرِ وَيُحِلُّ لَهُمُ الطَّيِّبَاتِ وَيُحَرِّمُ عَلَيْهِمُ الْخَبَائِثَ وَيَضَعُ عَنْهُمْ إِصْرَهُمْ وَالْأَغْلَالَ الَّتِي كَانَتْ عَلَيْهِمْ ۚ فَالَّذِينَ آمَنُوا بِهِ وَعَزَّرُوهُ وَنَصَرُوهُ وَاتَّبَعُوا النُّورَ الَّذِي أُنزِلَ مَعَهُ ۙ أُولَٰئِكَ هُمُ الْمُفْلِحُونَ ۝

"તે તેમને નેકી (સદાચાર)નો હુકમ કરે છે, બૂરાઈથી રોકે છે, તેમના માટે પવિત્ર વસ્તુઓને હલાલ અને અપવિત્ર વસ્તુઓને હરામ ઠેરવે છે; અને તેમના પરથી તે બોજ ઉતારે છે અને એ બંધનોને કાપે છે, જેમાં તેઓ દબાયેલા અને જકડાયેલા હતા. તેથી જે લોકો તેના ઉપર ઈમાન લાવે અને તેનું સમર્થન તથા તેની સહાયતા કરે અને એ પ્રકાશનું અનુસરણ કરે જે તેના સાથે ઉતારવામાં આવ્યો છે, એ જ લોકો સફળતા પામનાર છે." (કુર્આન, ૭:૧૫૭)

● ઈશ્વરના બંદાઓમાં સત્ય અને ઇન્સાફ સહિત ફેંસલો કરવો. કુર્આનમાં છે કે :

إِنَّا أَنزَلْنَا إِلَيْكَ الْكِتَابَ بِالْحَقِّ لِتَحْكُمَ بَيْنَ النَّاسِ بِمَا أَرَاكَ اللَّهُ ۚ وَلَا تَكُن لِّلْخَائِنِينَ خَصِيمًا ۝

"(હે મુહમ્મદ !) અમે તમારા ઉપર સત્યની સાથે આ ગ્રંથ અવતરિત કર્યો છે, જેથી તમે અલ્લાહે દર્શાવેલ કાનૂન મુજબ લોકોના ફેંસલાઓ કરો અને અપ્રમાણિકતા આચરનારાઓના વકીલ ન બનો."

(કુર્આન, ૪:૧૦૫)

● ઈશ્વરના ધર્મને એવી રીતે સ્થાપિત કરી દેવો કે માનવ-જીવનની સંપૂર્ણ વ્યવસ્થા તેના જ આધીન હોય અને અન્ય તમામ જીવન-વ્યવસ્થાઓ તેના સાપેક્ષમાં દબાઈને રહી જાય. કુર્આનમાં છે કે :

هُوَ الَّذِيٓ اَرۡسَلَ رَسُوۡلَهٗ بِالۡهُدٰے وَدِيۡنِ الۡحَقِّ
لِيُظۡهِرَهٗ عَلَى الدِّيۡنِ كُلِّهٖ

"તે અલ્લાહ જ છે કે જેણે પોતાના પયગંબરને હિદાયત (નિર્દેશો) અને સત્ય-ધર્મની સાથે મોકલ્યો, જેથી તેને તમામ જીવન-વ્યવસ્થાઓ પર પ્રભુત્વ અપાવી દે." (કુર્આન, ૪૮:૨૮)

આ પ્રમાણે પયગંબરના કાર્યોનો આ વિભાગ રાજનીતિ, ન્યાય-તંત્ર, નૈતિકતા અને સભ્યતાની સુધારણા અને સદાચાર પર આધારિત સભ્યતાની સ્થાપનાના તમામ પાસાઓ પર વ્યાપ્ત છે.

(૫) હઝરત મુહમ્મદ (સલ્લ.)નું આ કાર્ય કોઈ એક જાતિ, દેશ કે કાળ અને યુગ માટે વિશેષ નથી, બલ્કે તે સમગ્ર માનવ-જાતિ અને તમામ યુગો માટે આમ છે. કુર્આનમાં છે કે :

وَمَآ اَرۡسَلۡنٰكَ اِلَّا كَآفَّةً لِّلنَّاسِ بَشِيۡرًا وَّنَذِيۡرًا وَّلٰـكِنَّ
اَكۡثَرَ النَّاسِ لَا يَعۡلَمُوۡنَ ۝

"(હે મુહમ્મદ !) અમે તમને સમગ્ર માનવો માટે સચેત કરનાર અને ખુશખબર સંભળાવનાર બનાવીને મોકલ્યા છે પરંતુ મોટાભાગના લોકો જાણતા નથી." (કુર્આન, ૩૪:૨૮)

قُلۡ يٰۤاَيُّهَا النَّاسُ اِنِّىۡ رَسُوۡلُ اللّٰهِ اِلَيۡكُمۡ جَمِيۡعَاْ ۨالَّذِىۡ لَهٗ مُلۡكُ السَّمٰوٰتِ
وَالۡاَرۡضِ‌ۚ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ يُحۡىٖ وَيُمِيۡتُ‌ فَاٰمِنُوۡا بِاللّٰهِ وَرَسُوۡلِهِ النَّبِىِّ
الۡاُمِّىِّ الَّذِىۡ يُؤۡمِنُ بِاللّٰهِ وَكَلِمٰتِهٖ وَاتَّبِعُوۡهُ لَعَلَّكُمۡ تَهۡتَدُوۡنَ ۝

"(હે મુહમ્મદ !) કહો કે હે લોકો ! હું તમારા બધા માટે અલ્લાહનો પયગંબર છું, એ અલ્લાહનો જે આકાશો અને ધરતીના રાજ્યનો માલિક છે, જેના સિવાય કોઈ ઉપાસ્ય નથી, જે મારનાર અને જીવાડનાર છે. તેથી ઈમાન લાવો અલ્લાહ પર અને તે પયગંબર 'ઉમ્મી નબી' પર જે અલ્લાહ અને તેના આદેશ ઉપર ઈમાન રાખે છે અને તેનું અનુસરણ કરો, આશા છે કે તમે સન્માર્ગ પામી લશો."
(કુર્આન, ૭:૧૫૮)

وَاُوۡحِىَ اِلَىَّ هٰذَا الۡقُرۡاٰنُ لِاُنۡذِرَكُمۡ بِهٖ وَمَنۡۢ بَلَغَ‌ ؕ

"(હે મુહમ્મદ !) કહો, અને આ કુર્આન મારા તરફ 'વહી' (પ્રકાશના) કરવામાં આવ્યું છે, જેથી હું તેના દ્વારા તમને સચેત કરું અને જેને-જેને આ પહોંચે." (કુર્આન, ૬:૧૯)

إِنْ هُوَ إِلَّا ذِكْرٌ لِّلْعَالَمِينَ ۝ لِمَن شَاءَ مِنكُمْ أَن يَسْتَقِيمَ ۝

"આ (કુર્આન) તો એક ઉપદેશ છે સમગ્ર જગતવાસીઓ માટે, દરેક તે વ્યક્તિ માટે જે તમારામાંથી સત્યવાદી બનવા ઇચ્છે."

(કુર્આન, ૮૧:૨૭-૨૮)

(૬) હઝરત મુહમ્મદ (સલ્લ.)ના ઈશદૂતત્વ અને પયગંબરીની એક અન્ય વિશેષતા કુર્આન આપણને એ બતાવે છે કે આપ ઉપર ઈશદૂતત્વ અને પયગંબરીનો સિલસિલો સમાપ્ત કરી દેવામાં આવ્યો અને આપના પછી દુનિયાને કોઈ અન્ય પયગંબરની આવશ્યકતા ન રહી.

مَا كَانَ مُحَمَّدٌ أَبَا أَحَدٍ مِّن رِّجَالِكُمْ وَلَٰكِن رَّسُولَ اللَّهِ وَخَاتَمَ النَّبِيِّينَ

"મુહમ્મદ તમારા પુરુષોમાંથી કોઈના પિતા નથી, પરંતુ તેઓ અલ્લાહના પયગંબરોના (ક્રમનું) સમાપન કરનાર છે."

(કુર્આન, ૩૩:૪૦)

આ વાસ્તવમાં અનિવાર્ય પરિણામ છે હઝરત મુહમ્મદ (સલ્લ.)ના ઈશદૂતત્વ અને પયગંબરીની સર્વવ્યાપકતા, સર્વકાલીનતા અને ધર્મના પૂર્ણ હોવાનું. કારણ કે કુર્આનના ઉપર્યુક્ત વર્ણનની દૃષ્ટિએ હઝરત મુહમ્મદ (સલ્લ.)ની પયગંબરી સમગ્ર જગતના માનવો માટે છે, ન કે એક જાતિ માટે; અને આપ (સલ્લ.) દ્વારા તે કાર્ય પણ પૂરું થઈ ગયું છે, જેના માટે સંસારમાં પયગંબરોના આવવાની જરૂરત હતી. તેથી એ વાત સર્વથા યોગ્ય હતી કે આપ (સલ્લ.)ની સાથે પયગંબરીનો ક્રમ સમાપ્ત કરી દેવામાં આવે. આ વિષયને સ્વંય હઝરત મુહમ્મદ (સલ્લ.)એ સર્વોત્તમ શૈલીમાં એક 'હદીસ'માં સ્પષ્ટ કરેલ છે. આપ (સલ્લ.) ફરમાવે છે કે :

"મારું દૃષ્ટાંત નબીઓમાં એવું છે જાણે કોઈએ એક ખૂબ સુંદર મકાન બનાવ્યું અને આખી ઈમારત બનાવીને કેવળ એક ઈંટની જગ્યા છોડી દીધી. હવે જે લોકોએ તેની ચારે તરફ ચક્કર લગાવ્યો, તો તે ખાલી જગ્યા ખૂંચવા લાગી અને તેઓ કહેવા લાગ્યા કે જો આ અંતિમ ઈંટ પણ મૂકી દેવામાં આવતી તો મકાન પૂર્ણ થઈ જતું. તો તે અંતિમ ઈંટ જેની જગ્યા ઈશદૂતત્વના મહેલમાં બાકી રહી ગઈ હતી, હું જ છું અને હવે મારા પછી કોઈ પયગંબર આવનાર નથી." (બુખારી, મુસ્લિમ)

આ દ્રષ્ટાંતથી પયગંબરીની સમાપ્તિનું સાફ કારણ સમજમાં આવે છે. જ્યારે ધર્મ પૂર્ણ થઈ ગયો, ઈશ્વરીય નિર્દેશ અને ઉપદેશનું સ્પષ્ટ રૂપે વર્ણન થઈ ચૂક્યું, આદેશ અને નિષેધ, ધારણાઓ અને ઉપાસનાઓ, સંસ્કૃતિ અને સામાજિકતા, શાસન અને રાજનીતિ, ટૂંકમાં એ કે માનવ-જીવનના દરેક પાસા વિશે પૂરે-પૂરા આદેશો અપાઈ ગયા અને જગત સામે ઈશ-વાણી અને ઈશ્વરના પયગંબરનું આદર્શ ચરિત્ર એ રીતે પ્રસ્તુત કરી દેવામાં આવ્યું કે તે દરેક પ્રકારની ભેળસેળ અને ફેરફારથી પવિત્ર છે અને દરેક યુગમાં તેનાથી માર્ગદર્શન પ્રાપ્ત કરી શકાય છે, તો પયગંબરીની કોઈ જરૂરત શેષ રહેતી નથી. હવે ફક્ત એ વાતની આવશ્યકતા રહી ગઈ છે કે જરૂરત અનુસાર લોકોને તેની યાદગીરી અપાવવામાં આવે અને આ કાર્ય સત્ય-ધર્મના વિદ્વાન અને તેના સાચા અનુયાયીઓનું સંગઠન સારી રીતે કરી શકે છે.

(૭) અંતિમ પ્રશ્ન જેના સમાધાનની આવશ્યકતા બાકી રહી જાય છે, તે એ છે કે આ ગ્રંથ (કુર્આન)ને લાવનાર વ્યક્તિગત રૂપે કેવું આચરણ ધરાવતા હતા ?

આ પ્રશ્નના જવાબમાં કુર્આને અન્ય પ્રચલિત ગ્રંથોની જેમ પોતાને લાવનારની પ્રશંસાનો પહાડ નથી ખડકયો, ન તેમની પ્રશંસાને ચર્ચાનો એક સ્થાયી વિષય બનાવ્યો છે. અલબત્ત, વાત-વાતમાં સાંકેતિક રૂપે હઝરત મુહમ્મદ (સલ્લ.)ની નૈતિક વિશેષતાઓ વ્યક્ત કરી છે, જેનાથી અનુમાન કરી શકાય છે કે એ પયગંબરના વ્યક્તિત્વમાં માનવ-શ્રેષ્ઠ હોવાના સર્વોત્તમ ગુણો હતા.

(૧) તે કહે છે કે તેને લાવનાર નૈતિકતા અને સુશીલતાની પરાકાષ્ઠાએ પહોંચેલ હતા.

وَ اِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيْمٍ ۝ "(અને હે મુહમ્મદ !) નિઃસંદેહ, તમે શિષ્ટાચારના ઉચ્ચતમ દરજ્જા ઉપર છો." (કુર્આન, ૬૮:૪)

(૨) તે બતાવે છે કે તેને લાવનાર એક એવા દૃઢ સંકલ્પ અને દરેક પરિસ્થિતિમાં ઈશ્વર પર ભરોસો કરનાર માનવી હતા કે જ્યારે તેમની આખી કોમ તેમને સમાપ્ત કરી દેવા માટે તત્પર હતી અને તેઓ કેવળ પોતાના એક સાથી સાથે એક ગુફામાં શરણ લેવા મજબૂર થઈ ગયા હતા, તે કઠીન મુસીબત વખતે પણ તેમણે હિંમત નહોતી હારી અને પોતાના ઇરાદા ઉપર અટલ રહ્યા. આ વાતને કુર્આને આ શબ્દોમાં વર્ણવી છે :

اِذْ اَخْرَجَهُ الَّذِيْنَ كَفَرُوْا ثَانِيَ اثْنَيْنِ اِذْ هُمَا فِي الْغَارِ اِذْ يَقُوْلُ
لِصَاحِبِهٖ لَا تَحْزَنْ اِنَّ اللّٰهَ مَعَنَا ۚ

"યાદ કરો જ્યારે કે વિધર્મીઓએ તેમને કાઢી મૂક્યા હતા, જ્યારે કે તે ગુફામાં કેવળ એક માણસની સાથે હતો, જ્યારે કે તે પોતાના

સાથીને કહી રહ્યો હતો કે વ્યથિત ન થાઓ, અલ્લાહ આપણા સાથે છે.” (કુર્આન, ૯:૪૦)

(૩) તે બતાવે છે કે તેને લાવનાર વિશાળ-હૃદય, ઉદાર અને સાહસિક હતા, જેમણે પોતાના ખરાબમાં ખરાબ શત્રુઓ માટે પણ મુક્તિ અને માફીની દુઆ કરી અને છેવટે ઈશ્વરે તેમને પોતાનો એ અટલ ફેંસલો સંભળાવી દેવો પડ્યો કે તે એ લોકોને માફ નહીં કરે. કુર્આનમાં છે કે :

اِسْتَغْفِرْ لَهُمْ اَوْ لَا تَسْتَغْفِرْ لَهُمْ ۚ اِنْ تَسْتَغْفِرْ لَهُمْ سَبْعِيْنَ
مَرَّةً فَلَنْ يَّغْفِرَ اللّٰهُ لَهُمْ ۚ

“ચાહે તમે તેમના માટે માફી માગો કે ન માગો, જો તમે સિત્તેર વખત પણ તેમના માટે માફીની યાચના કરશો તો પણ અલ્લાહ તેમને માફ નહીં કરે.” (કુર્આન, ૯:૮૦)

(૪) તે બતાવે છે કે તેને લાવનારનો સ્વભાવ અત્યંત મૃદુ અને નમ્ર હતો. તેઓ કદી કોઈની સાથે કઠોર વર્તન કરતા નહોતા અને તેથી જ જગત તેમની ઉપર મોહિત થઈ ગયું હતું. કુર્આનમાં છે કે :

فَبِمَا رَحْمَةٍ مِّنَ اللّٰهِ لِنْتَ لَهُمْ ۚ وَلَوْ كُنْتَ فَظًّا غَلِيْظَ الْقَلْبِ
لَانْفَضُّوْا مِنْ حَوْلِكَ ۠

“આ અલ્લાહની કૃપા જ છે કે તમે તેમની સાથે નમ્ર છો, નહિં તો જો તમે વાણીના કઠોર અને હૃદયના સખત હોત તો આ બધા લોકો તમારી આસપાસથી છંટાઈને અલગ થઈ જતા.”

(કુર્આન, ૩:૧૫૯)

(૫) તે બતાવે છે કે તેને લાવનાર ઈશ્વરના બંદાઓને સચ્ચાઈના માર્ગ ઉપર લાવવાની સાચી તડપ દિલમાં રાખતા હતા, અને લોકોનું પથભ્રષ્ટતા ઉપર હઠાગ્રહી થઈ જવાથી તેમના દિલને દુઃખ થતું હતું, ત્યાં સુધી કે તેઓ તેમના ગમમાં સુકાતા જતા હતા. કુર્આને તેને આ પ્રમાણે વર્ણવેલ છે :

فَلَعَلَّكَ بَاخِعٌ نَّفْسَكَ عَلٰٓى اٰثَارِهِمْ اِنْ لَّمْ يُؤْمِنُوْا بِهٰذَا الْحَدِيْثِ اَسَفًا ۝

“(હે મુહમ્મદ !) એવું લાગે છે કે જો તેઓ આ સંદેશ ઉપર ઈમાન ન લાવ્યા તો તમે તેમના પાછળ દુઃખમાં પોતાના પ્રાણ ખોઈ નાખશો.” (કુર્આન, ૧૮:૬)

(૬) તે બતાવે છે કે તેને લાવનારને પોતાના સમુદાયથી અત્યંત પ્રેમ હતો, તેઓ તેમની ભલાઈ માટે વ્યાકુળ હતા, તેમના નુકસાનમાં પડવાથી તેમને ઘણું દુઃખ થતું હતું અને તેમના માટે સાક્ષાત્ દયા અને કરુણા હતા. કુર્આનમાં છે કે :

لَقَدْ جَآءَكُمْ رَسُولٌ مِّنْ أَنفُسِكُمْ عَزِيزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ حَرِيصٌ عَلَيْكُم بِٱلْمُؤْمِنِينَ رَءُوفٌ رَّحِيمٌ ۝

"તમારી પાસે સ્વયં તમારામાંથી જ એક એવો પયગંબર આવ્યો છે કે જેને તે દરેક વસ્તુ અસહ્ય છે, જે તમને નુકસાન પહોંચાડનાર હોય, જે તમારી સફળતા માટે ખૂબ જ આતુર છે અને ઈમાનવાળાઓ સાથે અત્યંત માયાળુ અને દયાળુ છે."

(કુર્આન, ૯:૧૨૮)

(૭) તે બતાવે છે કે તેને લાવનાર ફક્ત પોતાની જ કોમ માટે નહિં, બલ્કે સમગ્ર સૃષ્ટિ માટે ઈશ્વરની દયા અને કૃપા હતા. કુર્આનમાં છે કે :

وَمَآ أَرْسَلْنَٰكَ إِلَّا رَحْمَةً لِّلْعَٰلَمِينَ ۝

"(હે મુહમ્મદ !) અમે તમને સમગ્ર સૃષ્ટિ માટે રહમત (દયા અને કૃપા) બનાવીને મોકલ્યા છે." (કુર્આન, ૨૧:૧૦૭)

(૮) તે બતાવે છે કે તેને લાવનાર રાત્રે કલાકો સુધી ઈશ્વરની ઉપાસના કરતા અને તેની યાદમાં ઊભા રહેતા હતા. કુર્આનમાં છે કે :

إِنَّ رَبَّكَ يَعْلَمُ أَنَّكَ تَقُومُ أَدْنَىٰ مِن ثُلُثَىِ ٱلَّيْلِ وَنِصْفَهُۥ وَثُلُثَهُۥ

"(હે મુહમ્મદ !) તમારો પાલનહાર જાણે છે કે તમે રાત્રે લગભગ બે તૃતીયાંશ ભાગ સુધી અને ક્યારેક અડધી રાત અને ક્યારેક એક તૃતીયાંશ ભાગ સુધી નમાઝમાં ઊભા રહો છો." (કુર્આન, ૭૩:૨૦)

(૯) તે બતાવે છે કે તેને લાવનાર એક સાચા મનુષ્ય હતા, ન ક્યારેય પોતાના જીવનમાં સત્ય-માર્ગથી ચલિત થયા, ન અશુદ્ધ વિચારોથી પ્રભાવિત થયા અને ન તો કદી તેમણે એક શબ્દ પોતાના મનેચ્છાના અનુસરણમાં સત્ય વિરુદ્ધ મોઢેથી કાઢ્યો. કુર્આનમાં છે કે :

مَا ضَلَّ صَاحِبُكُمْ وَمَا غَوَىٰ ۝ وَمَا يَنطِقُ عَنِ ٱلْهَوَىٰٓ ۝

"(લોકો !) તમારા 'સાહેબ' ન કદી સન્માર્ગથી ચલિત થયા
અને ન શુદ્ધ વિચારોથી ફર્યા અને ન તો તે મનેચ્છાથી બોલે છે.
(કુર્આન, ૫૩:૨-૩)

(૧૦) તે બતાવે છે કે તેને લાવનારનું વ્યક્તિત્વ સમગ્ર સંસાર માટે અનુકરણીય આદર્શ છે અને તેમનું સમગ્ર જીવન શિષ્ટાચારનું ખરું માપદંડ હતું. કુર્આનમાં છે કે :

لَقَدْ كَانَ لَكُمْ فِيْ رَسُوْلِ اللّٰهِ اُسْوَةٌ حَسَنَةٌ

"તમારા માટે પયગંબરના વ્યક્તિત્વમાં એક ઉત્તમ આદર્શ છે.
(કુર્આન, ૩૩:૨૧)

કુર્આનનું અધ્યયન કરવાથી કુર્આનને લાવનારની કેટલીક અન્ય વિશેષતાઓ ઉપર પણ પ્રકાશ પડે છે, પરંતુ આ લેખમાં વધુ વિગતનો અવકાશ નથી. જે કોઈ વ્યક્તિ કુર્આનનું અધ્યયન કરશે તે સ્વયં જોશે કે અન્ય સામયિક ધર્મગ્રંથોથી વિપરીત આ ગ્રંથ પોતાને લાવનારને જે રૂપમાં પ્રસ્તુત કરે છે તે કેટલું સ્પષ્ટ, શુદ્ધ અને દોષરહિત છે. તેમાં ન ઈશ્વરત્વનો કોઈ અંશ જોવા મળે છે, ન તેની પ્રશંસા અને વખાણમાં અતિશ્યોક્તિ છે, ન અસાધારણ અને અસ્વાભાવિક શક્તિઓ કુર્આનને લાવનાર પયગંબર (હઝરત મુહમ્મદ સલ્લ.)ના અંદર બતાવવામાં આવી છે, અને ન તેને ઈશ્વરના કાર્યોમાં ભાગીદાર અને હિસ્સેદાર ઠેરવવામાં આવેલ છે, અને ન તેને એવા દોષોથી આરોપિત કરવામાં આવેલ છે જે એક માર્ગદર્શક અને સત્ય-સંદેશવાહકની શાનને કલંકિત કરી શકતા હોય. જો ઈસ્લામી સાહિત્યના તમામ પુસ્તકો જગતમાંથી લુપ્ત પણ થઈ જાય અને માત્ર કુર્આન જ બાકી રહી જાય, તો પણ હઝરત મુહમ્મદ (સલ્લ.)ના વ્યક્તિત્વ વિશે કોઈ ભ્રમ કે ગેરસમજ, સંદેહ અને અવિશ્વસનીયતાને અવકાશ નથી. આપણે સારી રીતે જાણી શકીએ છીએ કે આ ગ્રંથને લાવનાર એક સિદ્ધ મનુષ્ય હતા, શ્રેષ્ઠ આચારથી પરિપૂર્ણ હતા, અગાઉના પયગંબરોની પુષ્ટિ કરતા હતા, તેઓ કોઈ નવા ધર્મના પ્રવર્તક નહોતા અને મનુષ્યેતર કોઈ અસ્વાભાવિક હેસિયતના દાવેદાર પણ નહોતા. તેમનો સંદેશ સમગ્ર સંસાર માટે છે, તેમને ઈશ્વર તરફથી કેટલીક નિશ્ચિત સેવાઓ માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને જ્યારે તેમણે તે સેવાઓ સંપૂર્ણપણે બજાવી લીધી, તો પયગંબરીનો ક્રમ તેમના ઉપર સમાપ્ત કરી દેવામાં આવ્યો.